અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ ઓક્ટોબર ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ ચોથ | અંક : ૮૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### પંજાબમાં કોંગ્રેસના વધુ એક નેતાની ધરપકડ કરવામાં આવી



। ચંદિગઢ, તા.૧૭ ।

પંજાબમાં કોંગ્રેસના વધુ એક નેતાની ધરપકડ કરવામાં આવી છે. આજે વહેલી સવારે પોલીસે ફિરોઝપુરના ઝીરા વિધાનસભા ક્ષેત્રના પૂર્વ કોંગ્રેસના ધારાસભ્યની વહેલી સવારે તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી છે. પંજાબમાં કોંગ્રેસના વધુ એક નેતા સામે કાર્યવાહી કરતા પંજાબ પોલીસે આજે સવારે ફિરોઝપુરના ઝીરા વિધાનસભા ક્ષેત્રમાંથી કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કુલબીર સિંહ ઝીરાની ધરપકડ કરી છે.

### મેરઠના એક મકાનમાં બ્લાસ્ટ થતાં ચારનાં મોત થયા

। મેરઠ, તા.૧૭ ।

ઉત્તર પ્રદેશના મેરઠમાં એક મકાનમાં અચાનક ભયાનક બ્લાસ્ટ થતા ચાર લોકોના મોત થયા છે જ્યારે ઘટનામાં આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે જેને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં લઈ જવાયા છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે આસપાસના બે મકાનો પણ ધરાશાયી થયા હતા. ઉત્તરપ્રદેશના મેરઠના આજે સવારે એક મકાનમાં અચાનક જ બ્લાસ્ટ થતા આખો વિસ્તાર હચમચી ગયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયાના સમાચાર છે જ્યારે આઠ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

### મોદીના અધ્યક્ષસ્થાને અવકાશ સંશોધન પ્રયાસોના ભાવિની રૂપરેખા માટે ઉચ્ચ-સ્તરીય બેઠક

। નવી દિલ્હી, તા.૧૭ ।

ઈસરોએ આપેલ માહિતી અનુસાર, ગગનયાન મિશન માટેની પહેલી ફ્લાઈટ ૨૧ ઓક્ટોબરે ઉડાન ભરશે. આ ઉડાના પહેલા આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના અવકાશ સંશોધન પ્રયાસોના ભાવિની રૂપરેખા આપવા માટે એક ઉચ્ચ-સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ઈસરો ચીફ ઉપરાંત અનેક અધિકારીઓ હાજર રહ્યા હતા. આ દરમિયાન ઈસરોના ચીફે પીએમ મોદીને મિશન સાથે જોડાયેલી ઘણી માહિતી આપી.

## સમલૈંગિક લગ્ન સંદર્ભે સુપ્રીમનો મહત્વપૂર્ણ ચુકાદો

# જીવનસાથીની પસંદગી-બાળક દત્તકનો અધિકાર જરૂરી, સમલૈંગિક લગ્નને માન્યતા નહી : સુપ્રીમ કોર્ટ

### સરકારે આવા સંબંધોને કાનૂની દરજ્જો આપવો જોઈએ, જેથી તેમને જરૂરી કાયદાકીય અધિકારો પણ મળી શકે

। નવી દિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે આજે સમલૈંગિક લગ્નને કાયદાકીય મંજૂરીની માંગ કરતી અરજી પર પોતાનો ચુકાદો આપ્યો છે. સીજેઆઈજસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બંધારણીય બેંચે ૧૦ દિવસની સુનાવણી બાદ ૧૧ મેના રોજ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ સાથે જ આજે અરજદારે કહ્યું હતુ કે, જે નિર્ણય હશે પણ સંઘર્ષ ચાલુ રહેશે. સ્પેશિયલ મેરેજ એક્ટ વિવિધ ધર્મ અને જાતિના લોકોને લગ્ન કરવાની મંજૂરી આપવા માટે બનાવવામાં આવ્યો હતો. સમલૈંગિક લગ્ન માટે તેને રદ કરવું ખોટું હશે. જો આ કાયદા હેઠળ સમલૈંગિક લગ્નને દરજ્જો આપવામાં આવશે, તો તેની અસર અન્ય કાયદાઓને પણ થશે. આ તમામ બાબતો પર સંસદને ધ્યાન આપવું પડશે. સરકારે આવા સંબંધોને કાનૂની દરજ્જો આપવો જોઈએ, જેથી તેમને જરૂરી કાયદાકીય અધિકારો પણ મળી શકે. સુનાવણી દરમિયાન સરકારે કેબિનેટ સચિવની અધ્યક્ષતામાં આ માટે એક સમિતિ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સીજેઆઈ ડીવાયચંદ્રચુડએ કહ્યું કે, શું સમલૈંગિકતા માત્ર એક શહેરી ખ્યાલ છે? તે કહેવું યોગ્ય નથી કે આ માત્ર શહેરી વિસ્તારો પૂરતું મર્યાદિત છે.



**સરકાર એક સમિતિની રચના કરશે અને સમલૈંગિક યુગલોના અધિકારોના મુદ્દાનો ઉકેલ શોધશે**

**સમલૈંગિક લગ્નના મુદ્દા પર ચુકાદો સંભળાવતા મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે, પોતાની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરવો એ કોઈપણ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. આ સાથે જ, આર્ટિકલ ૨૧ હેઠળ સન્માન સાથે જીવન જીવવુંએ પણ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. જ્યારે મૂળભૂત અધિકારોના રક્ષણની વાત આવે છે, ત્યારે સત્તાના વિભાજનનો સિદ્ધાંત કોર્ટના નિર્દેશોના માર્ગમાં ન આવી શકે. કોર્ટ આ મામલે કાયદો બનાવી શકતી નથી, પરંતુ માત્ર તેનું અર્થઘટન અને અમલ કરાવી શકે છે. અરજદારોએ વિશ્વના ઘણા દેશોમાં સમલૈંગિક લગ્નને માન્યતા આપવાની દલીલ કરી છે. તેણે એમ પણ કહ્યું છે કે ભારતમાં સમલૈંગિક યુગલોને કોઈ કાનૂની અધિકાર નથી. કાયદાની નજરમાં તેઓ પતિ-પત્ની ન હોવાથી તેઓ એકસાથે બેંક ખાતું ખોલાવી શકતા નથી, તેમના પીએફ અથવા પેન્શનમાં તેમના પાર્ટનરને નોમિની બનાવી શકતા નથી. આ સમસ્યાઓ ત્યારે જ ઉકેલાશે જ્યારે તેમના લગ્નને કાનૂની માન્યતા મળશે. સુપ્રીમ કોર્ટમાં તમામ અરજીઓમાં સમલૈંગિક લગ્નને કાયદાકીય માન્યતા આપવાની માંગ કરવામાં આવી છે.**

## ઇઝરાયલ અને હમાસ વચ્ચેના લોહિયાળ યુદ્ધમાં દરરોજ સેંકડો લોકો મરી રહ્યા છે

# અમેરિકાના રાષ્ટ્રપતિ ઇઝરાયલ આવશે, યુદ્ધ રોકાય તેવી શક્યતા

। નવી દિલ્હી, તા.૧૭ ।



ઈઝરાયલ અને હમાસ વચ્ચેના લોહિયાળ યુદ્ધમાં દરરોજ સેંકડો લોકો મરી રહ્યા છે. ઈઝરાયેલ અને હમાસના હુમલા વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન બુધવારે ઈઝરાયલની મુલાકાત લેશે અને વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને મળશે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને આ માહિતી આપી છે. બ્લિંકને કહ્યું કે રાષ્ટ્રપતિ બાઇડન ઈઝરાયલ અને વિશ્વ માટે ખૂબ જ મહત્વ પૂર્ણ ક્ષણે ઈઝરાયલની મુલાકાત લેશે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને આ માહિતી આપી હતી. મંગળવારે વહેલી સવારે તેલ અવીવમાં મીડિયાને સંબોધતા બ્લિંકને કહ્યું હતું કે આ ઈઝરાયલ, મિડલ ઈસ્ટ અને વિશ્વ માટે ખૂબ જ નાજુક ક્ષણ છે. તેને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિ બાઇડન બુધવારે ઈઝરાયેલની મુલાકાત લેશે. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રપ તિ બાઇડન ઈઝરાયલ સાથે અમેરિકાની એકતાની પુષ્ટી કરવા તેલ અવીવ આવશે. રાષ્ટ્રપતિ બાઇડન ફરીથી સ્પષ્ટ કરશે કે ઈઝરાયલને તેના નાગરિકોની સુરક્ષા અને હમાસ અને અન્ય આતંકવાદી સંગઠનોના હુમલા રોકવાનો સંપૂર્ણ અધિકાર છે. તેમણે એ પણ જાહેરાત કરી કે યુ.એસ. અને ઈઝરાયલ એક એવી મિકેનિઝમ બનાવવા માટે સહમત થયા છે જે અન્ય દેશો અને બહુપક્ષીય સંસ્થાઓને ગાઝામાં નાગરિકોને માનવતાવાદી સહાય પહોંચાડવા સક્ષમ બનાવશે. અમેરિકી વિદેશ મંત્રીએ કહ્યું હતું કે રાષ્ટ્રપતિ બાઇડન એવા દેશો અને દળોને સ્પષ્ટ સંદેશ આપશે કે જેઓ આ સંકટનો ફાયદો ઉઠાવીને ઈઝરાયલ પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ૬૯મો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ

# રાષ્ટ્રપતિએ અલ્લૂ અર્જૂનને બેસ્ટ એક્ટર, આલિયાને એક્ટ્રેસનો એવોર્ડ આપ્યો



। નવી દિલ્હી, તા.૧૭ ।

આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ૬૯માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અલ્લૂ અર્જૂન, પંકજ ત્રિપાઠી, આલિયા-કૃતિ સેનન સહિત વિનર્સને ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ દ્વારા પુરસ્કારોથી સન્માનિત કરાયા છે. મહત્વનું છે કે, આ તમામ વિનર્સના નામ સપ્ટેમ્બરમાં જ જાહેર કરવામાં આવ્યા હતા.

એક્ટર અલ્લૂ અર્જૂનને 'પુષ્પા : ધ રાઈઝ' માટે રાષ્ટ્રપતિના હસ્તે બેસ્ટ એક્ટર એવોર્ડ

એક્ટ્રેસ આલિયા ભટ્ટને 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટે બેસ્ટ એક્ટ્રેસ એવોર્ડ

એક્ટ્રેસ કૃતિ સેનનને ફિલ્મ 'મિમી' માટે બેસ્ટ એક્ટ્રેસ એવોર્ડ

રોકેટ્રીઃ ધ નામ્બી ઈફેક્ટે બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ જીત્યો છે જ્યારે વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સે ૬૯માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં નેશનલ ઈન્ટિગ્રેશન પર બેસ્ટ ફિલ્મ માટે નરગીસ દત્ત એવોર્ડ જીત્યો છે.રાષ્ટ્રપતિ દ્રૌપ દી મુર્મુએ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવતા કહ્યું કે, વહીદા રહેમાનને દાદા સાહેબ ફાળકે એવોર્ડથી સન્માનિત કરીને હું ખૂબ જ ખુશીની લાગણી અનુભવુ છું.

## દિલ્હી લિકર પોલીસી કેસમાં પૂર્વ ડેપ્યુટી સીએમને રાહત ન મળી

# મનીષ સિસોદિયાના જામીન પર સુપ્રીમનો ચુકાદો અનામત

### સતત ફગાવવામાં આવી રહેલી જામીન અરજીઓની વચ્ચે સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને ઈડીને કહ્યું હતું કે, સિસોદિયાને અનિશ્ચિત સમય સુધી જેલમાં ન રાખી શકાય

। નવી દિલ્હી, તા.૧૭ ।

સુપ્રીમ કોર્ટે કથિત દિલ્હી લીકર પોલિસી કૌભાંડ મામલે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાની જામીન અરજી પર



પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. સિસોદિયાની સીબીઆઈઅને ઈડીબંને દ્વારા તપાસ કરવામાં આવી રહેલી દિલ્હી લીકર પોલિસી કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા દિલ્હી લીકર પોલિસી કેસમાં જેલમાં બંધ છે. આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાના જેલમાં ૮ મહિના થઈ ગયા છે. સીબીઆઈઅને ઈડીઆ મામલે તપાસ કરી રહી છે. સતત ફગાવવામાં આવી રહેલી જામીન અરજીઓની વચ્ચે સુપ્રીમ કોર્ટે સોમવારે સીબીઆઈઅને ઈડીને કહ્યું હતું કે, સિસોદિયાને અનિશ્ચિત સમય સુધી જેલમાં ન રાખી શકાય. સીબીઆઈઅને ઈડીએ સોમવારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, અમે દિલ્હી લીકર પોલિસી મામલે આમ આદમી પાર્ટીને આરોપી બનાવવા પર વિચાર કરી રહ્યા છે. તપાસ એજન્સીઓ તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુએ કોર્ટને જણાવ્યું હતું કે, તેઓ લીકર પોલિસી કૌભાંડ મામલે આપને આરોપી બનાવવા પર વિચાર કરી રહ્યા છે.

કેસમાં મનીષ સિસોદિયાની જામીન અરજી પર સુનાવણી દરમિયાન તપાસ એજન્સીઓએ આ દલીલ આપી હતી. આ અગાઉ ૫ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટે દિલ્હી લીકર પોલિસીના લાભાર્થીઓને લઈને તપાસ એજન્સીઓને ગંભીર સવાલ પૂછ્યા હતા. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતુ કે લાભાર્થી આપને મની લોન્ડરિંગ કેસમાં આરોપી કેમ ન બનાવવામાં આવી?જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ એસવીએન ભાટીની ખંડપીઠે આ સવાલ ત્યારે ઉઠાવ્યો હતો જ્યારે ભ્રષ્ટાચાર મામલે પૂર્વ ડેપ્યુટી સીએમ અને આપનેતા મનીષ સિસોદિયાની બે અલગ-અલગ જામીન અરજીઓ પર સુનાવણી શરૂ કરી હતી જેની તપાસ સીબીઆઈદ્વારા કરવામાં આવી રહી છે.

## મુંબઈની મુસાફરી કરનારા યાત્રીઓ માટે મહત્વના સમાચાર

# મુંબઈનું ઈન્ટરનેશનલ એરપોર્ટ મંગળવારે છ કલાક બંધ રહ્યું

। મુંબઈ, તા.૧૭ ।

મુંબઈની મુસાફરી કરનારા યાત્રીઓ માટે એક મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. આજ રોજ મુંબઈનું છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (સીએસએમઆઈએ) ૬ કલાક સુધી બંધ રહેવાનું છે. જેનું મુખ્ય કારણ છે કે ચોમાસાની સિઝન બાદ એરપોર્ટના બે રનવે પર મેઈન્ટેનન્સના કામ માટે એરપોર્ટને હંગામી ધોરણે બંધ આજે બંધ કરાશે. આજે સવારે ૧૧ થી સાંજના ૫ વાગ્યા સુધી કામ ચાલુ રહેશે.







સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો

સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યૂઝ બ્રિફ

### તોફાની તત્વોને જાહેરમાં મારવાના કેસમાં ફરિયાદીઓએ સમાધાનની ઓફર ફગાવી

| ખેડા, તા.૧૭ |

ખેડામાં પોલીસકર્મીઓએ આરોપીઓને જાહેરમાં માર માર્યો હતો. જે પછી પોલીસ કર્મીઓ સામે કેસ થયો હતો. ત્યારે ગુનો નોંધાયા બાદ પોલીસકર્મીઓએ કોર્ટમાં અરજી કરી હતી અને પોલીસ વિભાગમાં એક દાયકાની સેવાને ધ્યાને લેવા રજૂઆત કરી હતી. સાથે જ પોલીસકર્મીઓએ વળતર આપવા અંગે પણ તૈયારી દર્શાવી હતી. જો કે આ કેસમાં ફરિયાદી સમાધાન કરવા તૈયાર જ નથી.ખેડાના તોફાની તત્વોને જાહેરમાં માર મારવાના કેસમાં પોલીસકર્મીઓની મુશ્કેલી વધી શકે છે. પોલીસકર્મીઓની સમાધાનની ઓફર ફરિયાદી યુવકોએ ફગાવી દીધી છે. ફરિયાદી વતી વકીલ આઇ એચ સૈયદે કોર્ટને આ અંગેની માહિતી આપવામાં આવી છે. તમામ આરોપી પોલીસકર્મીઓ સામે કાર્યવાહી થઇ શકે છે. મહત્વનું છે કે ખેડામાં પોલીસકર્મીઓએ આરોપીઓને જાહેરમાં માર માર્યો હતો. જે પછી પોલીસ કર્મીઓ સામે કેસ થયો હતો.

### પીપરાળા ચેકપોસ્ટ પર પૈસા ઉઘરાવતા શખ્શને વાહનચાલકોએ માર માર્યો

| પાટણ, તા.૧૭ |

પાટણ જિલ્લાની પીપરાળા ચેકપોસ્ટ પર મારામારીની ઘટના સર્જાઈ છે. આ મારામારી કોઈ સામાન્ય નથી પરંતુ ચેકપોસ્ટ પર વાહનચાલકો પાસેથી પૈસા પડાવતા શખ્શને માર મારવાની ઘટના સર્જાઈ છે. મારામારીનો આ વીડિયો હાલમાં ખૂબ જ વાયરલ થયો છે. જે પ્રમાણે આક્ષેપો થઈ રહ્યા છે એ પ્રમાણે ચેકપોસ્ટ પરથી પસાર થતા વાહનચાલકોની પાસેથી પૈસા વસૂલ કરવામાં આવી રહ્યા છે. જેને લઈ વાહનચાલકોમાં રોષ વ્યાપી રહ્યો છે. આ દરમિયાન પોલીસના નામે પૈસા ઉઘરાવતા શખ્શને વાહન ચાલકોએ ધુલાઈ કરી દીધી છે. જેમાં વીડિયો બનાવનાર બોલી રહ્યો છે કે, માર મારવાનુ કારણ પોલીસના નામે ખાનગી માણસ પૈસા ઉઘરાવી રહ્યો છે. થોડા દિવસ અગાઉ જ પીપરાળા ચેકપોસ્ટ પર વાહનચાલકો પાસેથી પૈસા ઉઘરાવાતા હોવાની ફરિયાદને પગલે ૨ પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.



દિવાળીમાં ચોપડા પૂજન માટે કારીગરો ચોપડા બનાવી રહેલ છે.

#### સુરતના હીરાબજારમાં ખળભળાટ

# લેબગ્રોન ડાયમંડ કંપનીએ ૪૪ મિલિયન ડોલરમાં નાદારી જાહેર કરી

### હાલ આ પગલે હિરાબજારમાં ખળભળાટ મચી ગયો છે, ૪૦૦ ડોલરે વેચતા લેબગ્રોન ડાયમંડના ભાવ ૩૦ ડોલરે આવી ગયા છે

| સુરત, તા.૧૭ |

સુરતમાં મંદીના કારણે વધુ એક હિરા કંપનીએ નાદારી જાહેર કરી છે. જેને પરિણામે હિરાબજારમાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકાની બીજા નંબરની લેબગ્રોન ડાયમંડ કંપનીની ૪૪ મિલિયન ડોલરમાં નાદારી જાહેર કરી છે. જેમાં અનેકના પૈસા ફસાયા હોવાનું જાણવા મળ્યું છે. હીરાબજારમાં મંદીના માહોલ વચ્ચે વધુ એક



કંપનીની નાદારી જાહેર થઈ છે. અમેરિકાની બીજા નંબરની લેબગ્રોન ડાયમંડ કંપનીની ૪૪ મિલિયન ડોલરમાં નાદારી જાહેર કરી છે. જેમાં સુરત-મુંબઈ હીરા બજારમાં નાણા ફસાયાની ચર્ચા થઈ રહી છે. હાલ આ પગલે હિરાબજારમાં ખળભળાટ મચી ગયો છે. ૪૦૦ ડોલરે વેચતા લેબગ્રોન ડાયમંડના ભાવ ૩૦ ડોલરે આવી ગયા છે. લેબગ્રોન ડાયમંડ અમેરિકાની બીજા નંબરની સૌથી મોટી કંપની છે. તેની નાદારીથી હિરાબજારમાં ઉથલપાથલ મચી ગઈ છે. એક સમયે ૪૦૦ ડોલર ભાવ બોલાતો હતો.

#### ખાનગી કોન્ટ્રાક્ટર બેફામ બન્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

# પાટણના સાંતલપુરમાં સરકારી કામના ખાનગી કોન્ટ્રાક્ટર દ્વારા દાદાગીરી

| પાટણ, તા.૧૭ |

પાટણના સાંતલપુરમાં સરકારી કામનો ખાનગી કોન્ટ્રાક્ટર બેફામ બન્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તાલુકા પંચાયતના કોન્ટ્રાક્ટર લક્ષ્મણ આહીરએ દાદાગીરી કરી ગ્રામજનને ધમકાવતો હોવાનો ઓડિયો વાયરલ થયો છે.મુદ્દોએ હતો કે બોરૂડા ગામમાં નાળાની કામગીરી નબળી થતી હોવાથી ગ્રામજનો સવાલ કરતા કોન્ટ્રાક્ટરે પિત્તો ગુમાવ્યો હતો અને બેફામ બોલતા મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

બોરૂડા ગામમાં નાળાની નબળી કામગીરીને લઈને કોન્ટ્રાક્ટરને સવાલ કરવામાં આવ્યો હતો. જેને લઈને કોન્ટ્રાક્ટર બેફામ બન્યો હતો. કામ અંગે



ફોન કરતા કોન્ટ્રાક્ટરે સ્થાનિક લોકોને અપશબ્દો કહ્યાં હતા. સ્થાનિક સવરમ ચૌધરી સામે કોન્ટ્રાક્ટરે ઉગ્ર ભાષામાં વાત કરી હતી. સવરમ ચૌધરીઓ કોન્ટ્રાક્ટરને સામાન્ય સવાલો કર્યા હતા. પણ કોન્ટ્રાક્ટર લક્ષ્મણ આહીરે સ્થાનિકને સરળ ભાષામાં જવાબ આપવાના બદલે ઉગ્ર બનીને બેફામ ગાળો આપી હતી.

આ સમગ્ર ઘટનાક્રમનો ઓડિયો પણ સોશિયલ મીડિયામાં અત્યારે ખુબ વાઈરલ થઈ રહ્યો છે. સ્થાનિકો પણ આ મામલે તપાસની માંગ કરી રહ્યાં છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે નાળાની નબળી કામગીરી કરવામાં આવી છે. સ્થાનિકોનું કહેવું છે કે છેલ્લા કેટલા સમયથી નાળાનું કામ કરવામાં આવી રહ્યું છે. પણ તેમાં હલકી ગુણવત્તાનો સામાન કોન્ટ્રાક્ટર દ્વારા વાપરવામાં આવી રહ્યો છે. જો કોન્ટ્રાક્ટરને સવાલ કરવામાં આવે તો તે પોતાની મનમાની ચલાવે છે. લોકોમાં રોષની જ્વાળા ભભૂકી રહી છે અને આ મામલે ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવે અને કોન્ટ્રાક્ટર સાથે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. તેવી લોકો માંગ કરી રહ્યા છે.

# રાજકોટમાં 33 વર્ષીય યુવકને હાર્ટ એટેક આવતા મોત થયુ

### યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થ મોકલવામાં આવ્યો હોસ્પિટલના તબીબોએ યુવકના મૃત્યુ પાછળનું પ્રાથમિક કારણ હાર્ટ એટેક જણાવ્યુ

| રાજકોટ, તા.૧૭ |

રાજકોટમાં હાર્ટ એટેકે લીધો વધુ એકનો ભોગ, ગતરાત્રિએ અચાનક બેભાન થઈ ગયો ૩૩ વર્ષીય યુવક, હોસ્પિટલ ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યો. છેલ્લા ઘણા દિવસથી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં નાની ઉંમરના વ્યક્તિઓમાં હાર્ટ એટેકના બનાવો વધ્યા છે. લગ્નમાં નાચતી વખતે, ગરબા રમતી વખતે, ક્રિકેટ રમતી વખતે, બેઠા-બેઠા, વાહન ચલાવતી વખતે કે પછી જીમમાં કસરત કરતી વખતે હાર્ટ એટેક આવવાની સાથે જ સ્થળ પર જ મૃત્યુના કિસ્સાઓ દિવસેને દિવસે સામે



આવી રહ્યા છે.રાજકોટમાં એક યુવકનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. રાજકોટમાં ૩૩ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત થયા બાદ પરિવારમાં શોક છવાયો છે. રાજકોટની ગીતગુર્જર સોસાયટીમાં રહેતા ૩૩ વર્ષીય રાજકુમાર આહુજા નામનો યુવક ગઈકાલે અચાનક બેભાન થઈ ગયો હતો.

### આણંદમાં છેલ્લા પાંચ માસમાં ૨૪૯૯ લોકોને શ્વાન કરડ્યા

| આણંદ, તા.૧૭ |

આણંદ શહેર સહિત જિલ્લા ભરમાં રખડતા શ્વાનોનો આતંક વધી. રહ્યો છે. છેલ્લા પાંચ માસની જો વાત કરવામાં આવે તો એપ્રિલ ૨૦૨૩થી અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં ૬૫૨૩ થી વધુ લોકોને શ્વાન કરડતા તેઓને સારવાર આપ વામાં આવી છે. જિલ્લામાં વધતા જતા શ્વાનનાં આતંકને લઈને લોકોમાં ભય જોવા મળી રહ્યો છે. આણંદ શહેર સહિત જિલ્લા ભરમાં રખડતા શ્વાનનો આતંક વધતો જઈ રહ્યો છે. માર્ગો પર રખડતા શ્વાન બાળકો અને રાહદારીઓને બચકા ભરી ઘાયલ કરે છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલા અધિકૃ ત આંકડા અનુસાર એપ્રિલ ૨૦૨૩ થી અત્યાર સુધીમાં આણંદમાં ૨૪૯૯, આંકલાવમાં ૨૯૯, બોરસદમાં ૮૯૩, પેટલાદમાં ૧૨૮૭, સોજીત્રામાં ૨૬૯, ખંભાતમાં ૫૯૬, તારાપુરમાં ૨૩૪ અને ઉમરેઠમાં ૪૪૬ મળી જિલ્લામાં કુલ ૬૫૨૩ લોકોને શ્વાન કરડવાના બનાવો બન્યા છે.મહત્વની વાત તો એ છે કે આ જે શ્વાન કરડવાના આંકડા છે તે માત્ર સરકારી હોસ્પિટલમાં સારવાર લેનારા લોકોના છે. અનેક લોકો સરકારી હોસ્પિટલનાં બદલે ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા હોય છે.

# મોરબીમાં સગીરાને મોબાઈલ પર મિત્રતા કરવી ભારે પડી

### સગીરા પાસેથી કટકે કટકે ૭૦ હજાર રૂપિયા સહીત એક જોડી સોનાની બુટી તેમજ મોબાઈલ ફોન પડાવી લીધા

| મોરબી, તા.૧૭ |

મોરબી શહેરમાં રહેતી એક સગીરાને મોબાઈલ પર મિત્રતા કરવી ભારે પડી છે. જુના મોરબીમાં રહેતી સગીરા સાથે મોબાઈલ ફોનના માધ્યમથી મિત્રતા કેળવી બે યુવકોએ સગીરાને પોતાની જાળમાં ફસાવી હતી. એક શખ્સ મોરબી તાલુકાના રફાળિયા ગામે રહે છે. જયારે અન્ય એક શખ્સ મોરબી શહેરમાં રહે છે.બંને યુવકોએ સાથે મળી સગીરાને મોબાઈલના માધ્યમથી સંપર્કમાં આવી બાદમાં સગીરાના અશ્લીલ ફોટા પાડી લઈ વીડિયો કોલ કરી આપત્તિજનક માગ કરી મજબુર કરી સ્ક્રીન રેકોર્ડિંગ કર્યા બાદમાં સગીરાને બ્લેકમેઈલ કરી ૭૦ હજાર રોકડા, સોનાની બૂટી અને મોબાઈલ ફોન પડાવી લેવાની ઘટના સામે આવી છે. સમાજ માટે લાલબતી સમાન આ કિસ્સામાં સગીરાની માતાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. હાલના સમયમાં મોબાઈલ એક જીવન જરૂરી સાધન બની ગયું છે. માતા-પિતા પોતાના સગીરવયના દીકરા દીકરીઓને મોબાઈલ આપી દે છે જેથી તેઓ સ્કૂલ કે ટ્યુશન ગયા હોય અને મોડું થાય તો તેનો આસાનીથી સંપર્ક થઈ શકે. પરંતુ હાલના ઈન્ટરનેટના યુગમાં મોબાઈલ સગવડતાને બદલે ઘણા લોકો માટે અગવડતા ઉભી કરનાર સાબિત થઈ રહ્યો છે. મોબાઈલનો દુરુપયોગ કરતો આ કિસ્સો આજના વાલીઓ અને સમાજ માટે લાલબતીરૂપ સાબિત થયો છે.

મોરબી શહેરમાં રહેતા એક મહિલાએ મોરબી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, મોરબી તાલુકાના રફાળિયા ગામે રહેતા આરોપી મિતલ સોલંકી અને શહેરના ગ્રીનચોક વિસ્તારમાં આવેલ મોચીશેરીમાં રહેતા કિશન રમેશભાઈ કેલા નામના શખ્સોએ ૧૩ વર્ષની સગીરા સાથે મોબાઈલ ફોનના માધ્યમથી સંપર્કમાં આવી તેણી સાથે મિત્રતા કરી હતી. સૌથી પહેલા મિતલ સગીરાના સંપર્કમાં આવ્યો હતો, બાદમાં મિતલે કિશન સાથે મિત્રતા રાખવા માટે કહ્યું હતું. કિશને સગીરાના ભોળપણનો લાભ ઉઠાવી સાંઈબાબાના મંદીરે બોલાવી તેની સાથે બળજબરીથી સેલ્ફી લઈ અભદ્ર માંગણી કરી હતી, તેમજ વીડિયો કોલ કરી બળજબરીથી સગીરાને નગ્ન થવા મજબુર કરી વીડિયો કોલનું સ્ક્રીન રેકોર્ડિંગ કર્યુ હતું.

રેકોર્ડિંગ કરેલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી કિશને સગીરા પાસેથી કટકે કટકે ૭૦ હજાર રૂપિયા પડાવી લીધા હતા. આરોપી આટલેથી નહીં અટકતા તેણે સગીરા પાસેથી એક જોડી સોનાની બુટી તેમજ મોબાઈલ ફોન પડાવી લીધો હતો. આ સમગ્ર મામલે સગીરાના માતાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૮૪, ૩૫૪ (A), ૩૫૪ (D), ૫૦૬ (૨), ૧૧૪ અને પોક્સો એક્ટ ૨૦૧૨ની કલમ ૧૨, ૧૭, ૧૮ મુજબ ગુન્હો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## વિશેષ લેખ

### ગુજરાતમાં પ્રથમવાર ૧૭ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન થયું

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં ૨૪મી ઓલ ઇન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩નો પ્રારંભ

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ સ્પોર્ટસ કૉમ્પ્લેક્સ ખાતે ૨૪મી ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩નો પ્રારંભ થયો છે. આ ચેમ્પિયનશિપમાં વિવિધ રાજ્યોની ૨૪ ટીમોના ૧૧૦થી વધુ પોલીસ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

૨૪મી ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩ના પ્રારંભ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈએ કહ્યું કે, ઓલ ઇન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ પ્રથમ વખત ગુજરાતમાં યોજાઈ રહી છે, જે ગુજરાત પોલીસ માટે એક ગર્વની વાત છે. ગયા વર્ષે આ ચેમ્પિયનશિપનું આયોજન સીઆરપીએફ દ્વારા દિલ્હીમાં કરવામાં આવ્યું હતું, આ વખતે ગુજરાત પોલીસને આ તક મળી છે.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈએ વધુમાં કહ્યું કે, ગુજરાત એ પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિ છે. પૂજ્ય બાપુએ અહિંસાનો સંદેશ આપીને દેશને આઝાદી અપાવી હતી, જયારે સરદાર વલ્લભભાઈ પટેલે દેશને એક કરવાની મોટી ભૂમિકા ભજવી હતી. એવી જ રીતે આજે સંવેદના સાથે લૉ - ઓર્ડરને જાળવવાનું કામ પોલીસ દળ કરી રહ્યું છે જે એક સહારનીય છે.

શ્રી હર્ષભાઈએ કહ્યું કે, વિવિધ રાજ્યોના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં ખેલદિલીની ભાવના વિકસે એ ઉદ્દેશ સાથે દર વર્ષે આ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવતું હોય






છે. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીએ આ ચેમ્પિયનશિપના ભાગ લેનાર તમામ પોલીસ ખેલાડીઓ તેમજ તમામ આયોજકોને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આ અવસરે રાજયના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે સ્વાગત પ્રવચન આપતા કહ્યું કે, ગુજરાત પ્રથમવાર ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપની યજમાની કરી રહ્યું છે. ગુજરાતમાં પ્રથમવાર ૧૭ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ૨૪મી ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩નું આયોજન કરાયું છે.તેમણે વધુમાં કહ્યું કે, ૧૯૯૮માં કર્ણાટક પોલીસ દ્વારા બેંગલુરૂમાં પ્રથમ વખત ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું, જેમાં ગુજરાત પ્રથમવાર ચેમ્પિયન બન્યું હતું અને હું પણ એ ટુર્નામેન્ટનો ભાગ રહ્યો હતો. દર વર્ષે વિવિધ રાજ્યની પોલીસ દ્વારા આ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજનમાં કોઈપણ પ્રકારની ખામી ન રહી જાય તે માટે વિવિધ કમિટીની રચના પણ કરવામાં આવી છે એમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું.

૨૪મી ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩ના પ્રારંભ પ્રસંગે આ સ્પર્ધામાં ભાગ લેનાર યુનિટના કેપ્ટનનો દ્વારા શપથ ગ્રહણ પણ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વિવિધ રાજ્યના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ વચ્ચે ૨૪મી ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩નો ૧૭ ઑક્ટોબરથી પ્રારંભ થયો છે. ગુજરાતમાં પ્રથમવાર ૧૭ ઑક્ટોબર થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ૨૪ ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩નું અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ સ્પોર્ટસ કૉમ્પ્લેક્સ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ વખત ગુજરાત પોલીસ આ સ્પર્ધાની યજમાન બની છે. આ ચેમ્પિયનશિપમાં વિવિધ રાજ્યોની ૨૪ ટીમોના ૧૧૦થી વધુ પોલીસ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. વિવિધ રાજ્યોના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓમાં ખેલદિલીની ભાવના વિકસે એ ઉદ્દેશ પોલીસ રાજ્યની પોલીસ ઉપરાંત અર્ધલશ્કરી દળની ટીમો માટે લૉન ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવે છે. ૧૯૯૮માં બેંગલુરુ ખાતે પહેલી વખત ઓલ ઈન્ડિયા પોલીસ લોન ટેનિસ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૪ ઓલ ઈન્ડિયા પોલીસ લૉન ટેનિસ ચેમ્પિયનશિપ-૨૦૨૩ના પ્રાંરભ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભા જૈન, ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, શ્રી કૌશિકભાઈ જૈન, દિનેશભાઈ કુશવાહ, અમદાવાદ અને સુરતના પોલીસ કમિશનર શ્રી, રાજ્યના પોલીસ અધિકારીશ્રીઓ, ભારતભરમાંથી આવેલા ડીજીપી, એડિશનલ ડીજી, આઈજી, ડીવાયએસપી અને એસપી કક્ષાના સિનિયર અધિકારીઓ તેમજ ગુજરાત ટેનિસ ફેડરેશનના તેમજ ગુજરાત સ્પોર્ટ ક્ષેત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### ન્યૂઝ બ્રિફ

## હેમામાલિનીના જન્મદિનની ઊજવણીમાં ધર્મેન્દ્ર સૂટ-બૂટ પહેરીને હાજર રહ્યા



। નવી મુંબઈ, તા.૧૭ ।

બોલિવૂડની ડ્રીમ ગર્લ હેમા માલિની ગઈ કાલે ૭૫ વર્ષની થઈ. તેના ખાસ દિવસે, પીઢ અભિનેત્રીએ મુંબઈમાં એક ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. ડ્રીમ ગર્લ હેમા માલિનીએ તેનો ૭૫મો જન્મદિવસ તેના પતિ ધર્મેન્દ્ર અને પુત્રીઓ ઈશા અને આહાના સાથે ઉજવ્યો. અભિનેત્રીના જન્મદિવસની ઉજવણીની અંદરની તસવીરો હવે સામે આવી રહી છે. આ દરમિયાન પતિ ધર્મેન્દ્ર બ્લેક સૂટ અને બૂટમાં જોવા મળ્યા અને હેમા માલિની ગુલાબી રંગની સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. આ દરમિયાન હેમા અને ધર્મેન્દ્રની ઘણી તસવીરો એકસાથે ક્લિક થઈ છે. આ તસવીરમાં કપલની બોન્ડિંગ સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. હેમા માલિનીના જન્મદિવસની ઉજવણીમાં તેની પુત્રીઓ એશા દેઓલ અને આહાના દેઓલ પણ સાથે જોવા મળી હતી. આહાના તેના પતિ સાથે માતા હેમાના જન્મદિવસ પર આવી હતી. આ દરમિયાન હેમાએ તેની બે દીકરીઓ અને જમાઈ સાથે મોતી અને ફૂલોથી સજાવેલી ટુ-ટાયર કેક કાપી હતી. પાર્ટી દરમિયાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે.

## સંસદમાં પ્રશ્ન માટે લાંચનો મુદ્દો આચાર સંહિતા સમિતી પાસે મોકલાયો



। નવી દિલ્હી, તા.૧૭ ।

લોકસભામાં પ્રશ્ન પૂછવા લાંચ લેવાના મામલે ટીએમસીસાંસદ મહુઆ મોઈત્રાની મુશ્કેલીમાં વધારો થયો છે. ભાજપ સાંસદે તેમના પર ગંભીર આરોપો લગાવ્યા છે, ઉપરાંત આ મામલો આચાર સંહિતા સમિતી પાસે મોકલાયો છે. ભાજપસાંસદ નિશિકાંત દુબેએ મહુઆ મોઈત્રા વિરુદ્ધ રવિવારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો હતો, જેમાં દુબેએ ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા પર સંસદમાં પ્રશ્ન પુછવા એક ઉદ્યોગપતિ પાસે લાંચ લીધી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મામલો સામે આવ્યા બાદ મોઈત્રાએ આરોપોને રદીયો આપ્યો હતો અને તેમના પર લાગેલા આરોપોની તપાસ કરવા સમિતિ રચવા લોકસભા અધ્યક્ષને વિનંતી કરી. ઉલ્લેખનિય છે કે, ભાજપ સાંસદ વિનોદકુમાર સોનકર લોકસભાની આચાર સંહિતા સમિતીના અધ્યક્ષ છે. નિશિકાંત દુબેએ લોકસભા અધ્યક્ષને લખેલા પત્રમાં સાંસદ સભ્ય મહુઆ મોઈત્રા પર આરોપ લગાવતા લખ્યું છે કે, તેમણે વિશેષાધિકારનું ગંભીર ઉલ્લંઘન કર્યું છે, સંસદનું અપમાન કર્યું છે.

## યહૂદી સમુદાય-સ્મારકોને લઈને દેશના અનેક શહેરમાં એલર્ટ



। નવી દિલ્હી, તા.૧૭ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વચ્ચેનું યુદ્ધ હજુ શાંત થવાનું નામ નથી લઈ રહ્યું. એવામાં આ તણાવની સ્થિતિના પડઘા ભારતમાં પણ સંભળાય રહ્યા છે. દિલ્હીથી તેલ અવીવનું અંતર દૂર હોવા છતાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધની અસર અહીં પણ જોવા મળી રહી છે. દિલ્હી, મુંબઈ, હિમાચલ, રાજસ્થાન સહિત દેશના ઘણા રાજ્યોમાં એલર્ટ છે અને યહૂદી સમુદાય સાથે સંબંધિત સ્મારકો અને અન્ય સ્થળોની સુરક્ષા કડક કરવામાં આવી છે. દિલ્હી પોલીસ ઈઝરાયેલની દૂતાવાસ અને રાજદ્વારીઓને કડક સુરક્ષા પૂરી પાડી રહી છે. આ સિવાય પહાડગંજના ચાબડ હાઉસમાં પણ પોલીસ સ્ટેન્ડબાય પર છે, જ્યાં મોટી સંખ્યામાં યહૂદીઓ આવે છે. એટલું જ નહીં, મોટી સંખ્યામાં ઈઝરાયેલ પ્રવાસીઓ હિમાચલ પ્રદેશ, ગોવા, મુંબઈ અને રાજસ્થાનના પુષ્કરની પણ મુલાકાત લે છે.

### ભારત-કેનેડા વિવાદ છતાં વિદ્યાર્થીઓને નુકસાન નહીં

# સ્ટડી વિઝાની સફળતાનો દર ૯૦ ટકાથી ઉપર

### વડાપ્રધાનએ ખાલિસ્તાની આતંકી નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોઈ શકે છે તેવું નિવેદન આપ્યું ત્યારથી બંને દેશો વચ્ચે વિવાદ થયો છે

। નવી દિલ્હી, તા.૧૭ ।

હાલમાં ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં તણાવ ચાલી રહ્યો છે. તેમ છતાં વિદ્યાર્થીઓ માટે એક સારા સમાચાર એ છે કે કેનેડાએ સ્ટડી વિઝા આપવાનું ચાલું રાખ્યું છે. ભારતીય વિદ્યાર્થીઓમાં હાયર એજ્યુકેશન માટે કેનેડા હોટ ફેવરિટ દેશ છે અને જ્યારે બંને દેશો વચ્ચે તણાવ શરૂ થયો ત્યારે તેમની ચિંતાઓ વધી ગઈ હતી કે હવે શું થશે. ભારતે તો કેનેડાના નાગરિકો માટે વિઝા આપવાનું બંધ કરી દીધું છે. પરંતુ કેનેડાએ સ્ટુન્ટ વિઝા આપવાનું ચાલું રાખ્યું છે. જે વિદ્યાર્થીઓ હાલમાં કેનેડા અભ્યાસ કરવા જવા ઈચ્છે છે તેમની પાસે વિઝા મેળવવા માટેની ઉત્તમ તક છે. જો તેમનો સ્કોર જરૂરી સ્કોરની નજીક હોય તો તેમને પણ વિઝા આપવામાં આવી શકે છે. આવું એટલા માટે કહી શકાય છે કેમ કે વિઝા અરજીઓનો સફળતા દર સતત ઊંચો રહ્યો છે. તે ૮૫ ટકાથી ૯૫ ટકા સુધીનો છે.

દેશની આવકારદાયક ઈમિગ્રેશન નીતિઓ હજી પણ આવી છે અને આ નીતિઓ ઘણા લોકો માટે કેનેડિયન સપનાનો માર્ગ વાસ્તવિકતા બનાવે છે. આ પડકારજનક સમયમાં ઉભરી રહેલી સફળતાની ગાથાઓ એ માન્યતાના પુરાવા તરીકે ઉભી છે કે ઘણી બધી પ્રતિકૂળતાઓ સાથે પણ સપના સાચા થઈ શકે છે. એક અથવા બે મોડ્યુલમાં પાંચ સહિત છ બેન્ડનો IELTS સ્કોર ધરાવતા વિદ્યાર્થીઓ એકંદરે ઈન્ટરનેશનલ ઈંગ્લિશ લેંગ્વેજ ટેસ્ટિંગ સિસ્ટમ સાથે સ્ટડી વિઝા પણ મેળવી રહ્યા છે. PTE (પર્સન ટેસ્ટ ઓફ ઈંગ્લિશ) પરીક્ષામાં પણ જ્યાં ૬૦નો સ્કોર બેન્ચમાર્ક છે, ત્યાં ૫૭, ૫૮ અને ૫૯ના સ્કોર ધરાવતા અરજદારો પણ કેનેડાના વિઝા મેળવે છે. ભારત અને કેનેડા વચ્ચેના વિવાદ પછી પણ પંજાબમાં IELTS અને PTE સેન્ટર્સ ખાસ કરીને દોઆબા પ્રદેશમાં




વિદ્યાર્થીઓના વિઝાની સફળતાનો દર ૯૦થી ૯૫ ટકા છે. ઘણા સેન્ટર્સનું કહેવું છે કે ગત મહિના કરતાં હાલમાં તેમના વિઝાના સફળતાનો દર ૧૮-૧૯ ટકા વધ્યો છે.

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે, ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોઈ શકે છે ત્યારબાદ બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા છે. પંજાબમાં સૌથી મોટા IELTS સેન્ટર્સ અને ઓવરસીઝ કન્સલ્ટન્સીઓમાંના એક જાલંધરના જૈન ઓવરસીઝના સુમીત જૈને જણાવ્યું છે કે, અમે દર મહિને ૨૫૦થી ૩૦૦ સ્ટુડન્ટ વિઝા ફાઈલનું પ્રોસેસિંગ કરીએ છીએ અને ગત મહિને પણ અમે આવું જ કર્યું હતું. ગત મહિને અમારા વિઝાનો સફળતા દર ૯૦થી ૯૨ ટકા રહ્યો હતો અને મોટા ભાગની ફાઈલ બંને દેશો વચ્ચે ઊભા થયેલા અણબનાવ બાદ જ પ્રોસેસિંગ થઈ હતી. તેમની કન્સલ્ટન્સીને તાજેતરમાં એક જ દિવસમાં ૨૦૫ વિઝા મળ્યા હતા જેની અરજી ૧૦ ઓગસ્ટ પછી અને સપ્ટેમ્બરમાં કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, બંને દેશો વચ્ચેનું આ સારું વર્તન છે કે તેમણે વિવાદની અસર વિદ્યાર્થીઓ પર થવા દીધી નથી અને આ જ કારણે વિઝાના સફળતાનો દર આટલો ઊંચો છે. જોકે, બંને દેશોના તણાવભર્યા સંબંધના કારણે NRIsની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ વર્ષે કેનેડાથી ઈન્ડિયા આવવાનો પ્લાન બનાવનારા ઘણા NRI હવે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ઈન્ડિયાએ કેનેડિયન્સને વિઝા ઈશ્યૂ કરવાનું જ હાલમાં બંધ કરી દીધું હોવાથી મહિનાઓ પહેલા જ ટિકિટ બુક કરાવનારા ઘણા NRIને હવે પોતે ઈન્ડિયા જઈ શકશે કે કેમ તે સવાલ થઈ રહ્યો છે. એટલું જ નહીં, મોટાભાગના લોકોએ એડવાન્સમાં જે એર ટિકિટ બુક કરાવી દીધી છે તે પણ નોન-રિફન્ડેબલ હોવાથી તેમનો ખર્ચો માથે પડે તેવી પણ પૂરી શક્યતા છે. મુંબઈ સ્થિત એક ટ્રાવેલ એજન્ટનું માનીએ તો ટોરેન્ટો-દિલ્હીની ટુ-વે ટિકિટ જો એડવાન્સમાં બુક કરાવી લેવાય તો તે એકાદ લાખ રૂપિયામાં મળી જાય છે. પરંતુ, જો ટિકિટ ખરીદનારા પાસે વિઝા નહીં હોય તો તે નિશ્ચિત તારીખના રોજ ટ્રાવેલ નહીં કરી શકે, અને તેને પોતે ટિકિટ માટે ખર્ચેલા રૂપિયા ગુમાવવા પડશે. તેમાંય જે લોકોએ વાયા યુરોપ કે પછી મિડલ ઈસ્ટ થઈને આવતી કનેક્ટિંગ ફ્લાઈટની ટિકિટ બુક કરાવી છે તેમને સૌથી વધુ સમસ્યા થશે, કારણકે તેમાં રિફંડ મળવાની શક્યતા ના બરાબર છે. હાલ ચાલી રહેલો વિઝાનો ઈશ્યૂ જો સોલ્વ ના થાય તો એડવાન્સમાં ટિકિટ બુક કરાવનારા હજારો NRIsને નુક્સાન ભોગવવું પડશે. કેનેડા માટે ઈન્ડિયા ચોથું સૌથી મોટું એર ટ્રાવેલ માર્કેટ છે, અને દર વર્ષે મોટી સંખ્યામાં કેનેડાથી NRIs ઈન્ડિયા આવે છે અને તેમાંય શિયાળો તો NRIsના આવવાની સીઝન તરીકે જ ઓળખાય છે. જોકે, આ શિયાળામાં કેનેડામાં વસતા અનેક NRIsને ઈન્ડિયા આવવાનું માંડી વાળવું પડે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.




### ઇઝરાયલના હુમલાઓને રોકવા હમાસનું બ્લેકમેઇલિંગ

# હમાસ દ્વારા બંધક ઇઝરાયલી યુવતીનો વીડિયો જાહેર કરી દેવામાં આવ્યો

### હમાસ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં યુવતી કહે છે, હેલો, મારું નામ Mia Shem છે, હું શોહમની રહેવાસી છું

। નવી દિલ્હી, તા.૧૭ ।

ગાઝા પર ઈઝરાયલના સતત હવાઈ હુમલા બાદ પેલેસ્ટાઈનના આતંકવાદી સંગઠન હમાસે હવે બ્લેકમેઈલિંગ કરવાનું શરૂ કર્યું છે. હવે હમાસે ૨૧ વર્ષની યુવતી Mia જીરીદ્ધનો વિડિયો જાહેર કર્યો છે, જે ઈઝરાયલની નાગરિક છે અને તેનું હમાસ દ્વારા ઈઝરાયલના મ્યુઝિક ફેસ્ટિવલમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. હમાસ દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં ડરેલી યુવતી કહી રહી છે કે તે ગાઝામાં સારી રીતે રહે છે. યુવતી એ પણ દાવો કરી રહી



છે કે હમાસ તેને મેડિકલ ટ્રીટમેન્ટ આપી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આવા વીડિયો જાહેર કરીને હમાસ દુનિયાને સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે કે તે બંધકોની સંપૂર્ણ કાળજી લઈ રહ્યું છે અને તેમને કોઈ નુકસાન પહોંચાડ્યું નથી. ઈઝરાયલના મીડિયા હાઉસ જેરુસલેમ પોસ્ટના અહેવાલ મુજબ હમાસે Mia જીરીદ્ધનો વીડિયો પોતાની અરબી ટેલિગ્રામ ચેનલ પર જાહેર કર્યો છે. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે હમાસના ખતરનાક અલ કાસિમ બ્રિગેડનો કમાન્ડર યુવતીને સારવાર આપી રહ્યો છે. વીડિયોમાં યુવતી કહે છે કે તે ખરાબ રીતે ઘાયલ છે અને હવે તેને મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી રહી છે. હમાસ દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં યુવતી કહે છે, હેલો, મારું નામ Mia જીરીદ્ધ છે. હું શોહમની રહેવાસી છું.

### કર્મચારીઓને નવરાત્રિમાં મળી ખુશખબરી

# તમિલનાડુના ૧૭૦૦ આવિન કર્મીઓનું મોંઘવારી ભથ્થું વધ્યું

### કર્મચારીઓ તરફથી સતત માંગણી થયા બાદ સરકારે પણ તમામ આવિન કર્મચારીઓ માટે ડીએનો એક સમાન દર ૩૮% કરી દીધો છે

। નવી દિલ્હી, તા.૧૭ ।

તહેવારોની સીઝન દરમિયાન કેન્દ્ર સરકારના લગભગ ૫૦ લાખ કર્મચારીઓ અને ૬૯ લાખ પેન્શનર્સને ડીએ અને ડીઆરમાં વધારાનો ઈન્તેજાર છે. એવી આશા વ્યક્ત થઈ રહી છે કે સરકાર દશેરાની આજુબાજુ કેબિનેટની બેઠકમાં ૩ ટકા મોંઘવારી ભથ્થું વધારવાની જાહેરાત કરી શકે છે.

કેન્દ્ર સરકારની જાહેરાત પહેલા કેટલાક રાજ્યોમાં કર્મચારીઓના ડીએ પર નિર્ણય કરી દેવાયો છે. તમિલનાડુના ૧૭૦૦ આવિન



કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું વધારી દેવાયું છે. દૂધ અને ડેરી વિકાસ મંત્રી મનો થંગરાજે જાણકારી આપતા કહ્યું કે રાજ્યના ૧૭૦૦ આવિન કર્મચારીઓ માટે ૪ ટકા મોંઘવારી ભથ્થું વધારવામાં આવ્યું છે. ત્યારબાદ ડીએ હાલના ૩૪ ટકાથી વધારીને ૩૮ ટકા કરાયું છે. અત્રે જણાવવાનું કે આવિન તમિલનાડુ રાજ્યનું સૌથી મોટું કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન છે. તેનું સ્વામિત્વ સરકાર પાસે છે. સાઉથ ઈન્ડિયામાં તેનો નોર્થમાં જેમ અમૂલનો છે તેવો દબદબો છે. અહીં તેની ડેરી પ્રોડક્ટ્સ ખુબ પસંદ કરવામાં આવે છે. મનો થંગરાજે કહ્યું કે સરકારના ડીએમાં વધારાના નિર્ણયથી ૧૭૦૦ આવિન કર્મચારીઓને ફાયદો થશે. તે પહેલા તમિલનાડુ સહકારી દુધ ઉત્પાદક મહાસંઘ અને છ જિલ્લા યુનિયન સાથે કામ કરનારા કર્મચારીઓને ૩૮%ના દરથી ડીએ મળતું હતું.



મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે મધ્યપ્રદેશ કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. મધ્યપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ કમલનાથે પ્રોમિસરી નોટમાં ૧૨૯૦ વચનો આપ્યા છે. કોંગ્રેસે રાજ્યની જનતાને અનેક ગેરંટી સાથે એમપીની આઈપીએલ ટીમ બનાવવાની વાત પણ કરી છે.

### લખનઉમાં શ્રીલંકા સામેની મેચમાં ઓસી. બેટરનો રેકોર્ડ

# ગ્લેન મેક્સવેલ ભારતમાં સૌથી વધુ સિક્સર ફટકારનારો વિદેશી બેટર

### ગ્લેન મેક્સવેલ શ્રીલંકા સામે ૩૧ રન બનાવી અણનમ રહ્યો, આ દરમિયાન મેક્સવેલે ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા

। લખનઉ, તા.૧૭ ।

લખનઉના એકાના સ્ટેડિયમમાં ગઈકાલે ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૪મી મેચ રમાઈ હતી. ટોસ જીતીને શ્રીલંકાની ટીમ ૪૩.૩ ઓવરમાં ૨૦૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકાની ઓપનિંગ જોડીએ ટીમને એક મજબૂત શરૂઆત આપી હતી. પથુમ નિસાંકા અને કુસલ પરેરાએ ૧૨૫ રનની ભાગીદારી કરી હતી. પરંતુ શ્રીલંકાની ટીમ સમગ્ર ૫૦ ઓવર પણ રમી ન શકી અને ૨૦૯ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. જેના જવાબમાં ઓસ્ટ્રેલિયન ટીમે ૫ વિકેટ ગુમાવી ૩૫.૨ ઓવરમાં લક્ષ્ય પ્રાપ્ત કરી લીધો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ ઈંગ્લીસ અને મિચેલ માર્શે ફિફ્ટી ફટકારી હતી. આ ઉપરાંત લાબુશેને ૪૦ જયારે ગ્લેન મેક્સવેલ ૩૧ રન બનાવી અણનમ રહ્યો હતો. આ દરમિયાન મેક્સવેલે ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા.



આ ૨ છગ્ગા ફટકારવા સાથે જ મેક્સવેલે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો હતો. શ્રીલંકા સામે મેક્સવેલે પોતાની ઈનિંગ દરમિયાન ૨ છગ્ગા ફટકારવાની સાથે ભારતમાં ક્રિકેટના તમામ ફોર્મેટમાં સૌથી વધુ છગ્ગા મારનાર વિદેશી બેટ્સમેન બની ગયો છે.

આ પહેલા આ રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ઓલરાઉન્ડર કાયરન પોલાર્ડના નામે હતો. પોલાર્ડે ૪૯ છગ્ગા ફટકાર્યા છે. પરંતુ ગઈકાલે શ્રીલંકાની સામે રમાયેલી મેચમાં ૨ છગ્ગા ફટકારી મેક્સવેલે પોલાર્ડને પાછળ છોડી દીધો છે. મેક્સવેલના નામે કુલ ૫૧ છગ્ગા છે. આ લિસ્ટમાં ૪૮ છગ્ગા સાથે અસગર અફગાન ત્રીજા નંબરપર છે, જયારે એબી ડી વિલિયર્સ ૪૮ છગ્ગા સાથે ચોથા સ્થાને છે.

### વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૪મી મેચ

# શ્રીલંકાના નામે વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ હારનો રેકોર્ડ

। લખનઉ, તા.૧૭ ।

ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૧૪મી મેચ રમાઈ હતી. લખનઉના એકાના સ્ટેડિયમમાં ગઈકાલે રમાયેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકાને ૫ વિકેટથી હરાવ્યું હતું. આ હાર સાથે જ શ્રીલંકાના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. શ્રીલંકાની ટીમના નામે વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ હારનો રેકોર્ડ નોંધાયો છે. આ મામલે શ્રીલંકા અને ઝિમ્બાબ્વેની ટીમ બરાબરી પર છે.ઝિમ્બાબ્વેની ટીમ વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ હારી છે.



હવે શ્રીલંકાએ પણ તેની બરાબરી કરી લીધી છે. શ્રીલંકા અને ઝિમ્બાબ્વેની ટીમ વન-ડે વર્લ્ડ કપમાં ૪૨-૪૨ મેચ હારી છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજા સ્થાને છે. તે ૩૫ મેચ હારી ચૂકી છે. ઈંગ્લેન્ડ ત્રીજા નંબર પર છે. ઈંગ્લેન્ડની ટીમને ૩૪ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

### વન-ડે વર્લ્ડ કપ-૨૦૨૩ની ૧૪ મેચમાં અનેક અપસેટ

# બેટિંગ અને બોલિંગમાં ટોપ ૧૦માં ભારતના પાંચ ખેલાડીઓને સ્થાન

। નવી દિલ્હી, તા.૧૭ ।

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં અત્યાર સુધી ૧૪ મેચ રમાઈ છે. આ દરમિયાન ઘણાં ઉલટફેર જોવા મળ્યા છે. વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં બેટિંગ અને બોલિંગમાં ટોપ ૧૦ ખેલાડીઓમાં ભારતના પાંચ ખેલાડીઓનું નામ સામેલ છે. ટોપ ૧૦માં રોહિત શર્માથી લઈને જસપ્રીત બુમરાહ સુધીના નામનો સમાવેશ થાય છે. બેટિંગમાં ૨ અને બોલિંગમાં ૩ ભારતીય ખેલાડીઓ ટોપ ૧૦માં સામેલ છે. જો ટોપ ૧૦ બેટ્સમેનોની વાત કરીએ જેઓએ વન-ડે વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવ્યા છે તો તેમાં ૨ ભારતીય, ૨



ન્યુઝીલેન્ડના ખેલાડી, ૨ સાઉથ આફ્રિકાના ખેલાડી, બે ઈંગ્લેન્ડના ખેલાડી અને એક-એક શ્રીલંકા અને પાકિસ્તાનના ખેલાડીનું નામ સામેલ છે. સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેનોની લિસ્ટમાં ટોપ ૫૨ પાકિસ્તાની બેટ્સમેન મોહમ્મદ રિઝવાન છે.

## તંત્રી લેખ...

# બાળ આરોગ્યની ઉપેક્ષા

સમગ્ર ગુજરાતમાં છાને પગલે નાની વયના લોકો પર હૃદયરોગના હુમલાનો એક સિલસિલો ચાલે છે. ઓર્ગેનિક આહાર તરફ ધ્યાન ન આપનારા દંપતીઓએ હવે તેમના સંતાનોના આહાર-વિહાર પર ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે. એ જાણીને અજીબ અને ખૂબ જ દુઃખ થાય છે કે હવે ડાયાબિટીસની બિમારીએ પણ ચૂપકે ચૂપકે બાળકોને પોતાની લપેટમાં લઈ લીધા છે. અગાઉ, આ રોગ અમીર, વૃદ્ધ અને ગરીબ લોકોની સમસ્યા માનવામાં આવતો હતો, પરંતુ આંકડા દર્શાવે છે કે હવે તે નાના અને ખૂબ જ ગરીબ બાળકોમાં પણ ફેલાય છે. છેવટે, આ વિચિત્રતાનું કારણ શું છે? ડાયાબિટીસ સામાન્ય રીતે અમીર કે ગરીબ જીવનશૈલીનો રોગ માનવામાં આવે છે, પરંતુ હવે આ રોગ મજૂર વર્ગમાં પણ સરળતાથી પહોંચી રહ્યો છે. ભારતમાં હાલ બાળકોમાં ડાયાબિટીસનો રોગ ભયજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. 'ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન' (આઈડીએફ)ના ડાયાબિટીસ એટલાસ-૨૦૨૩ ડેટા અનુસાર, ભારતમાં 'ટાઈપ ૧ ડાયાબિટીસ મેલીટસ' ધરાવતા બાળકો અને કિશોરોની સંખ્યા વિશ્વમાં સૌથી વધુ છે, જેમાં ૨૪ લાખથી વધુ બાળકો અને કિશોરો છે. ટાઈપ-૧ ડાયાબિટીસ ધરાવતો વિશ્વનો દરેક પાંચમો બાળક અથવા કિશોર ભારતીય છે. ભારતમાં દરરોજ ૬૫ બાળકો અથવા કિશોરોને પ્રકાર-૧ ડાયાબિટીસનું નિદાન કરવામાં આવે છે. આ કેટલાક આંકડાઓ છે, જે દર્શાવે છે કે ભારતમાં પ્રકાર - ૧ ડાયાબિટીસની સમસ્યા કેટલી મોટી બની રહી છે. ટીઆઈડી ઈન્ડેક્સનો અંદાજ છે કે એકલા ભારતમાં ૮.૭૫ લાખ બાળકો અને કિશોરો મધુપ્રમેહથી પીડાય છે અને એકલા મધ્યપ્રદેશમાં લગભગ ૩૨,૦૦૦ બાળકો ડાયાબિટીસથી પીડાય છે. પ્રકાર - ૧ ડાયાબિટીસ બાળકોમાં સૌથી સામાન્ય છે, જે તમામ વંશીય જૂથોના બાળકોમાં બે તૃતીયાંશ નવા કેસો માટે જવાબદાર છે. તે ૧૮ વર્ષની ઉંમર સુધીમાં ૩૫૦ માંથી એક બાળકને અસર કરે છે; પરંતુ હવે આ ઘટનાના પુરાવામાં વધારો થયો છે, ખાસ કરીને ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં. જો કે પ્રકાર - ૧ ડાયાબિટીસ કોઈપણ ઉંમરે થઈ શકે છે, તે સામાન્ય રીતે ૪ થી ૬ વર્ષની વય વચ્ચે અથવા ૧૦ થી ૧૪ વર્ષની વય વચ્ચે થવાની શક્યતા વધુ હોય છે. નવાઈની વાત છે કે મધ્યપ્રદેશમાં બાળકોમાં ડાયાબિટીસના કેસ આદિવાસી વિસ્તારોમાંથી જ આવી રહ્યા છે. જો કે, મધ્યપ્રદેશમાં ખાસ કરીને નબળા આદિવાસી જૂથો, બૈગાસ, ભારિયા અને સહરિયાઓનું ઘર છે જેઓ હજુ પણ પરંપરાગત ખોરાક અને જીવન જીવવાની પરંપરાગત રીતોનો ઉપયોગ કરે છે. જો કે મધ્યપ્રદેશમાં આદિવાસી સમુદાય અને તેમના બાળકોમાં ડાયાબિટીસ પર કોઈ ચોક્કસ અભ્યાસ કરવામાં આવ્યો નથી, પરંતુ આદિવાસી સ્વાસ્થ્ય પર 'અટલ બિહારી પોલિસી એનાલિસિસ એન્ડ ગુડ ગવર્નન્સ ઈન્સ્ટિટયૂટ'નો રિપોર્ટ દર્શાવે છે કે છેલ્લા બે દાયકામાં આ પુરાવા મળવા લાગ્યા છે.

# નોબેલ અને શાંતિ



વર્તમાન સમયમાં વૈશ્વિક પ્રવાહો પર નજર નાખતાં શાંતિનું નોબેલ પારિતોષિક કોને મળી શકે, એ સવાલ મૂંઝવનારો હતો. દુનિયાભરમાં ઠેકઠેકાણે અશાંતિ અને સંઘર્ષ ચાલે છે. ક્યાંક અંદરોઅંદર, ક્યાંક દેશ-દેશ વચ્ચે. આખી સ્થિતિ રામ વગરના રામાયણ જેવી છે. એમાં કોઈને શાંતિના નોબેલ પારિતોષિક માટે હકદાર ગણવાનું અઘરું પડે. શાંતિનું નોબેલ પારિતોષિક મેળવી ચૂકેલા અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા હુમલાખોર દેખાયા વિના અંતિમવાદી સંગઠન આઈએસઆઈએસનો પ્રભાવ કેવી રીતે રોકવો તેની ફિરાકમાં હોય ત્યારે તો ખાસ. એવી પણ અટકળો હતી કે આ વર્ષે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને આ સન્માન માટે યોગ્ય ગણવામાં ન આવે એવું બને. પરંતુ સંસ્થાઓ અને સન્માનો કાઢીને બેઠા પછી બને ત્યાં સુધી એવી ભાવના રહે કે મૂળ હાર્દને તાણીતુસીને પણ કોઈ નામ જાહેર થઈ શકે તો સારું. એમાં પણ એ નોબેલ પારિતોષિકની અને ખાસ કરીને શાંતિના નોબેલ પારિતોષિકની વાત હોય, ત્યારે તેનો ઈતિહાસ ખાસ્સો ભમરાળો છે. તેની સૌથી જાણીતી ગરબડોમાંની એક ગાંધીજીને શાંતિના નોબેલ પારિતોષિકથી ધરાર વંચિત રાખવાની છે. એ વિશે ઘણું લખાઈ ચૂક્યું છે અને પછીનાં વર્ષોમાં નોબેલ સમિતિએ ભૂલનો એકરાર પણ કર્યો છે. અગાઉના ભેદભાવ પછી ગાંધીજીને શાંતિનું નોબેલ પારિતોષિક આપવાનું વિચારાયું એ જ વર્ષે તેમની હત્યા થઈ. એટલે મરણોત્તર નોબેલ પારિતોષિક જાહેર ન કરવાના ધારા પ્રમાણે, કમિટીએ 'આ વર્ષે કોઈ જીવીત વ્યક્તિ શાંતિના નોબેલ પારિતોષિક માટે લાયક નથી' એવી, ગાંધીજી તરફ મોઘમ ઈશારો કરતી નોંધ સાથે વર્ષ ખાલી જવા દીધું. એ જ ગાંધીજીને ત્યાર પછી તો એકથી વધુ વખત નોબેલ કમિટીએ યાદ કર્યા છે. આ વખતે પણ પાકિસ્તાની યુવતી મલાલા યુસુફઝઈની સાથે ભારતીય કર્મશીલ કૈલાશ સત્યાર્થીનું નામ શાંતિના નોબેલ પારિતોષિક માટે જાહેર કરતી વખતે કમિટીના પ્રવક્તાએ ગાંધીજીને યાદ કર્યા અને કહ્યું કે બાળકોના હકો માટે અને તેમને મજૂરીના ચક્કરમાંથી છોડાવવા માટે કૈલાશ સત્યાર્થીએ અનેક આંદોલનો- ચળવળો કરી છે અને એ બધી ગાંધીજીના માર્ગે, સદંતર અહિંસક રીતે કરી છે. (મલાલાના અનેક ગણા વધારે પ્રતાપી પૂર્વસૂરુ ખાન અબ્દુલગફ્ફાર ખાન બાદશાહખાન- નોબેલ શાંતિ પારિતોષિક માટે એકદમ યોગ્ય હતા, પણ એ તો સમિતિને કદી દેખાયા જ નહીં.) કૈલાશ સત્યાર્થીનું નામ બહુમતી ભારતીયોએ પહેલી વાર નોબેલ પારિતોષિક નિમિત્તે જ સાંભળ્યું, એ પણ એક વાસ્તવિકતા છે. તેમને બાળકોના શોષણ સામેની કામગીરી માટે નોબેલ કમિટીએ પસંદ કર્યા છે. એટલે ટૂંક સમયમાં તેમને ભારતીય નાગરિક સન્માનો પણ મળશે. સત્યાર્થીની સરખામણીમાં મલાલા યુસુફઝઈ એક 'સેલિબ્રિટી' છે. પાકિસ્તાનના સ્વાત વેલી પ્રદેશમાં બાળકીઓના ભણતર માટે ઝુંબેશ ચલાવનારી મલાલાને બે વર્ષ પહેલાં તાલીબાનોએ ગોળી મારી હતી.તેમ છતાં મલાલા હિંમત હારી નહીં અને છોકરીઓને શિક્ષણ અપાવવા માટેનું કામ ચાલુ રાખ્યું. જોકે તાલિબાની હુમલા પછી આંતરરાષ્ટ્રિય પ્રસાર માધ્યમોમાં મલાલાનો ભારે જયજયકાર થયો. એવું પણ કહેવાયું કે મલાલાને તેના નક્કર કામની સામે મળેલી પ્રસિદ્ધિ અપ્રમાણસરની અથવા પશ્ચિમી પ્રસાર માધ્યમોની આવા કોઈ પ્રતીક માટેની ભૂખનું પરિણામ છે.

# મા નવદુર્ગાના કુષ્માંડા સ્વરૂપનાં મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ હતી, અને જેના સ્મરણથી ચોમેર મંગલ વરસે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)




હે મા જગત જનની.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ચોથું નોરતું એટલે મા નવદુર્ગાના કુષ્માંડા સ્વરૂપનો મહિમા ગાવાનો દિવસ. ત્રૈલોક્ય સુંદરી ત્વં હિ, દુઃખ શોક નિવારિણીમ્ પરમાનન્દમયી, કૂષ્માંડે, પ્રણમામ્યહમ્ ઓમ્ કૂં કૂષ્માંડે મમ્ ધન-ધાન્ય, પુત્ર દેહિ દેહિ સ્વાહા. શાસ્ત્રોક્ત માન્યતા મુજબ મા કુષ્માંડાના મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ હતી. આમ પણ બાલિકા, કિશોરી, યુવતી, અને પછી ગર્ભસ્થ પત્ની સ્વરૂપ! કાળ ગણના મુજબ કમ સે કમ શરૂ શરૂમાં તો એનાં મધુર હાસ્યથી ગૃહ રુપી ગ્રહની ઉત્પત્તિ થાય છે, એવું કહી શકાય! અને ત્યારે એ ગૃહમાં નિવાસ કરનારા સૌને ચોમેર મંગલ વરસતું હોય એવો અનુભવ થાય છે. આપણે બોલતા પણ હોઈએ છીએ હવે આ ચાર ભીતડા ઘર લાગે છે. કોડ ભરેલી એ કુળવધૂના મનોભાવ પણ મંગલ વરસાવવાના જ હોય છે, મંગલ વરસે મંગલ વરસે આજ માને મંદિરીયે... દેવને દિપાવતી, વિશ્વને ઉજાળતી રજનીને રમાડતી, સજનીને શણગારતી દૈવી દીપમાળ પ્રગટે, પઆજ માને મંદિરીયે આજે પણ નવરાત્રીમાં સ્થાપન કર્યા પછી આમ બેઠાં ગરબા અને સ્તુતિ કરતા હોઈએ ત્યારે, માની હાજરીનો અહેસાસ થાય છે. થાય જ! કારણકે આપણી એને જોવાની એને અનુભવવાની ઉત્કંઠા તીવ્ર હોય છે, અને એને કારણે આપણે એ રૂપ સ્વરૂપમાં ઓતપ્રોત થઈ જતા હોઈએ છીએ. બસ આજ તો ધ્યાનની મુખ્ય લાક્ષણિકતા છે, એટલે કે એના મય થઈ જવું. બીજી રીતે વિચારીએ તો માત્ર આપણો આટલો ભાવ એના ચરણે ધરવાથી એ આપણું જીવન ઝળાંહળાં કરી દે છે, જો જીવનમાં એને ગમે તેવા કાર્ય કરીએ તો એ શું ન કરે! બસ આવાં મધુર ભાવથી એને ભજીએ, એટલે કે એણે ચિંધ્યા માર્ગે ચાલીએ, એટલું જ તો આપણે કરવાનું છે. મંગલ શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો શુભનું બહુવચન, એટલે કે માત્ર આપણા એકનું શુભ નહીં, સમસ્ત સૃષ્ટિનું શુભ જેમાં સમાયું છે, એને મંગલ કહેવામાં આવે છે, અને એ જ મા જગત જનનીની ક્રિયા છે. સાંપ્રત સમયમાં માનવીય જીવનના સમીકરણો બદલાઈ ગયાં હોવાથી જીવન આટલું બધું જટિલ થઈ ગયું છે, બાકી તો મા જેવા બની સૌને અપનાવવા! એટલે કે માનવતાનો મહામંત્ર "મા" એકાક્ષરી મંત્ર છે અને એ આપણને બધાં પ્રત્યે મમતાના ભાવે જકડી રાખે છે. બસ સૌની મા બની જીવન જીવીએ, તો પછી અસ્તિત્વની એક એક ઘટનામાં મંગલના દર્શન થાય, અને ચોમેર મંગલ વરસતું દેખાય, એ રીતે આ ગરબાના શબ્દો સાચા લાગે. ભક્તિ એ ભાવની ઉત્તમ સ્થિતિ કે પરાકાષ્ઠાનું નામ છે, અને દરેકે દરેક સાથેના વ્યવહારમાં માત્ર ભાવ બદલાવવાથી મૂળ માનવીય સંસ્કારિત કવચથી જીંદગી આરક્ષિત થાય છે, અને દુર્ભાવ કે કુભાવ સમાપ્ત થાય છે. પણ આપણે સૌ જાણીએ છીએ કે આ એટલું સહેલું નથી નવ દિવસ પછી બધાં એના એ જ! આવી તો અત્યાર સુધીમાં કેટલીય નવરાત્રી આવી ને ગઈ! કારણકે આપણી જીવનની મુલવણી કરવાની રીત બદલાઈ ગઈ છે, અન્ય સાથેના સંબંધને જોવાની દ્રષ્ટિ બદલાઈ ગઈ છે એટલે આપણને મા ભવાની આદ્યશક્તિની આ મંગલ વરસા દેખાતી નથી, અને આપણી મહાલક્ષ્મી ધનની વરસા કરે એવી ઈચ્છા પ્રબળ બને છે. ધનની કામના ક્ષણિક સુખ આપે છે, અને મંગલની કામના આનંદ આપે છે. પરંતુ મહાલક્ષ્મી ની કૃપાદ્રષ્ટિ થી પ્રાપ્ત થયેલા આ ધનનો ઉપયોગ ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્ય એ ચીંધેલા માર્ગે વાપરવામાં આવે તો એ મંગલની વરસા કરે છે, અને આપણું જીવન પણ ધન્ય બની શકે છે.

કનકધારા સ્તોત્રઃ-

સંપત્કરાણિ સકલેંદ્રિય નંદનાનિ
સામ્રાજ્ય દાનવિભવાનિ સરોરુહાક્ષિ।
ત્વદ્વંદનાનિ દુરિતા હરણોદ્યતાનિ
મામેવ માતરનિશં કલયંતુ માન્યે ॥ ૧૩॥

હે કમાલ ! તમારાં ચરણોમાં કરેલી સ્તુતિ ઐશ્વર્ય પ્રદાન કરનારી અને સમસ્ત ઈન્દ્રિયોને આનંદ આપનારી છે તથા સામ્રાજ્ય આપવામાં સર્વથા સમર્થ તથા સંપૂર્ણ પાપોને નષ્ટ કરવામાં સમર્થ છે ! હે માત ! મને તમારાં ચરણકમળોની વંદના કરવાનો શુભ અવસર હંમેશાં મળતો રહે.

યત્કટાક્ષ સમુપાસના વિધિઃ
સેવકસ્ય સકલાર્થ સંપદઃ।
સંતનોતિ વચનાંગ માનસૈઃ
ત્વાં મુરારિહૃદયેશ્વરીં ભજે ॥ ૧૪ ॥

જેમની કૃપાદષ્ટિ માટે કરવામાં આવેલ ઉપાસના ઉપાસક માટે સમસ્ત અને સંપત્તિનો વિસ્તાર કરે છે, એ ભગવાન શ્રી મુરારિની હૃદયેશ્વરી લક્ષ્મીનું હું મન, મનોરથ વચન અને શરીરથી ભજન કરું છું.

સરસિજનિલયે સરોજહસ્તે
ધવળતમાંશુક ગંધમાલ્યશોભે।
ભગવતિ હરિવલ્લભે મનોજ્ઞે
ત્રિભુવનભૂતિકરી પ્રસીદમહ્યમ ॥ ૧૫ ॥

હે ભગવતી ! ભગવાન હરિની પ્રિય પત્ની ! તમે કમળકુંજમાં રહેવાવાળા છો, તમારાં હાથમાં કમળ શોભાયમાન છે. તમે શ્વેત વસ્ત્ર તથા ગંધ, માળા વગેરેથી સુશોભિત છો. તમારી સુંદરતા અદ્વિતીય છે ! હે ત્રિભુવનનો વૈભવ પ્રદાન કરવાવાળી દેવી ! તમે મારી ઉપર પ્રસન્ન બનો.

આપણે સૌને ધન જોઈએ છે અને આપણે એને કોઈ ને કોઈ રીતે મેળવીએ પણ છીએ, પરંતુ આપણા સૌની એક જ ફરિયાદ છે કે, આ ધન ટકતું નથી, અથવા તો ઓછું પડે છે. આ ઉપરાંત બીજી એક માનસિકતા એ છે કે એકવાર ધન ગમે તે રીતે એટલે કે નીતિ અનિતીનો વિચાર કર્યા વગર કમાઈ લઈએ, પછી આપણે નીતિથી જીવીશું! તો એ વાત ક્યારેય શક્ય બનતી નથી, કારણ કે અનીતિથી આવેલું ધન આપણને સંતોષ થવા દેતું નથી, અને એને કારણે વધુને વધુ અનિતીમા ખૂંપતા જઈએ છીએ. ત્રીજી માનસિકતા એ છે કે જે આપણી પાસે છે એ આપણને ક્યારેય પર્યાપ્ત લાગતું નથી, અને હજી થોડું આપી દે તો પછી પુરું! પછી ક્યારેય કોઈ પાસે હાથ લાંબો કરવો નહીં! કારણકે અન્ય તરફ આપણી દ્રષ્ટિ મંડરાયેલી હોય છે. એ પરમશક્તિ આપણી હેસિયત મુજબનું આપણને આપી જ રહે છે, પણ આપણને એ ઓછું લાગે છે.

દાખલા તરીકે એક મા ને ઓછી વધતી ઉંમરના ત્રણ ચાર સંતાનો હોય તો માતા એ સંતાનની ઉંમર અને એની પચાવવાની શક્તિ મુજબ દરેકને જમવાનું પીરસે છે, અને સૌથી નાનું હોય એ સ્વાભાવિક રીતે જ અમુક વસ્તુ પચાવી ન શકે, એટલે એ તેને એવા પદાર્થોથી દૂર રાખતી હોય છે. એટલે આપણી પાસે જે છે એ જ આપણા હિત માટે અને આપણને પર્યાપ્ત થઈ રે એટલું છે, એવો સંતોષ કેળવીએ તો ધન કમાવાની તીવ્રતા ઓછી થાય, એટલે કે ધનની કમી ઓછી વર્તાય. પણ આપણે છીએ કે આપણને પચે છે કે, નહીં પચે! એવું કંઈ વિચાર્યા વગર વધુની કામના લઈને મા આદ્યશક્તિ જગતજનની મહાલક્ષ્મી પાસે પહોંચી ગયા છીએ. રૂપિયા પૈસા ઓછા હોવા કે ઓછા લાગવાનું મુખ્ય કારણ અસંતોષ છે, અને મા આદ્યશક્તિની કૃપા થાય તો આપણી આ નવ દિવસથી ભક્તિના ફળ રૂપે સંતોષ આપે, તો પછી જિંદગીમાં ક્યાંય કોઈ કમી વર્તાય નહીં. આજે પણ સમાજમાં સતયુગ, ત્રેતાયુગ, અને દ્વાપરયુગની માનસિકતા વાળા માનવો જોવા મળે છે. પરંતુ જેની માત્રા વધુ છે એ કાળ કહેવાય, એટલે કે સાત્વિક બુદ્ધિની માનસિકતા વધુ હોય તો સતયુગ, સત્વ રજસની મિશ્ર માનસિકતા હોય એને ત્રેતા યુગ, અને રજસ તમો ગુણની માનસિકતા વધુ એને દ્વાપર યુગ કહેવાય, જ્યારે માત્ર ને માત્ર તમોગુણની પ્રધાનતા હોય એ કાળને કળિયુગ કહેવાય. સમય ચક્રાકારે ગતિ કરે છે, એટલે કળિયુગ પછી સતયુગ ફરીથી આવે, અને એ ચોક્કસ આવી શકે! એ આપણા હાથમાં પણ છે. ઉપર જોયું તેમ માનસિકતા બદલાવાથી ભાવ બદલાય છે, અને ભાવ બદલાવવાથી સંબંધોની મૂલવણી ના સમીકરણો પણ બદલાઈ જાય છે, જે આપણી જિંદગીનાં અભાવાને દૂર કરે છે, દુર્ભાવ કે કુભાવ ઓછો થતો જાય છે, અને માંગણી પણ ઘટતી જાય છે! અથવા તો પોતાની માટે નહીં બીજાનાં દુઃખ દર્દ ઓછાં કરવાની પ્રાર્થના કે માંગ કરવામાં આવે છે. સાચું ધન તો સંતોષ છે, એ સમજને સહજ બનાવી જીવન જીવીએ, જેથી કરીને ધનની કમીનો કાયમી ઉકેલ મળી જાય. આપણે સૌ સંતોષ નામના પારસમણીને પ્રાપ્ત કરી શકીએ, એવી એક અન્ય પ્રાર્થના મા ભગવતીના ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા લાગ્યો લોલ, અસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા આવ્યા રે લોલ!!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા



નવલાં નોરતાં સડસડાટ પસાર થઈ રહયાં છે. આ વર્ષે નવેનવ દિવસ પુરા છે. આજે ચોથું નોરતું બનાસકાંઠા કરછ જિલ્લા સિવાય મેઘરાજા કેટલાક વિસ્તારમાં ખેલૈયાઓનો ઉત્સાહ જોઈને બપોરના સમયે થનગનાટમાં વિઘ્નના આવે તે રીતે ભૂમિને તરબતર કયાંક-કયાંક કરી જાય છે એટલે કુદરતી કૃપા પણ સારી છે. રાત્રે નહી ગરમી નહીં ઠંડી જેવું આહલાદક વાતાવરણ રહેતાં ખેલૈયાઓ મનમૂકીને આનંદ કરી રહયા છે. શહેરમાં ધંધાદારી પાર્ટી પ્લોટની જમાવટનો ક્રેઝ વધ્યો તો હદય રોગનું પ્રમાણ વધ્યું છે. પરંતુ લોકો બધી રીતે ખુશ છે..

બીજું રાઝને રાઝ રહેવા દઈ માં શકિતની આરાધના ઉપાસના જે ભાવથી લોકો કરતાં હોય તેમને કરવા દઈ આપ આનંદ કરો. સાચી રે મારી સત ભવાનીમાં અંબા ભવાનીમાં હું તો તારી કરીશ મૈયા લાલ... નવ રાત્રિનો થનગનાટ શેરી મહોલ્લામાં શરૂ થઈ ગયો આજે નોરતુ. નવરાત્રિ એટલે નવ દિવસ ચાલતો ગરબાનો મહોત્સવ મહાકવિ કાલિદાસે પણ કહ્યું છે કે ઉત્સવ પ્રિયા : ખલુ માનવા : અથાત મનુષ્ય માત્ર સ્વભાવથી ઉત્સવ પ્રિય છે.તેને વિવિધ ઉત્સવોના રંગાવું ગમતું હોય છે નવ દિવસનો ઉત્સવ એ કદાચ દુનિયાનો સૌથી લાંબો ચાલતો મહોત્સવ છે.નાના બાળક થી માંડી આબાલવૃદ્ધ સૌ તેમાં ઉત્સાહપૂર્વક જાડાઈ મા શક્તિ પૂજાના આ પર્વને પ્રેમપૂર્વક વધાવી લેતા હોય છે. નવ દિવસ નોરતાની તૈયારીઓ કઈ રીતે કરવામાં આવતી હોય છે.

ગુજરાત તેની ગરબોની આગવી પરંપરા માટે વિશ્વભરમાં જાણીતું છે. એવું કહી શકાય કે ગરબોએ ગુજરાતનું વિશ્વને સર્વશ્રેષ્ઠ પ્રદાન છે આવી રીતે નવરાત્રીના નોરતાની ખુબજ ઉમળકાભેર આગતા સ્વાગતા કર્યા બાદ મંદિરના દ્વાર દઈ ખોલવા માટે ભક્તો માતાજીને વિનંતી કરે છે.

નવરાત્રિ ઋતુ પરીવ ર્તનનો સમય છે, તેને શાસ્ત્રોમાં સંધિકાળ એટલે બે ઋતુઓનું મિલન જયારે સમગ્ર પ્રકૃતિમાં ફેરફાર થાય. આ મોસમ માં ખાસ કરીને શિતઋતુનો પ્રભાવ પડે છે.વર્ષાઋતુના અંત સમયમાં ચોથું શરીરની પાચન શક્તિ મંદ પડી જાય માટે છે,હાનિકારક કીટાણુ ઉત્પન્ન થાય છે. ઘી અને તેલનો દીવો પ્રગટાવવાથી તથા ઔષધીય પદાર્થોના હવનથી વાતાવરણ શુદ્ધ થાય છે હિન્દુ ધર્મશાસ્ત્રોનુસાર રંગે (૧) કાર્તિક નવરાત્રિ (૨) માઘ (મહા) નવરાત્રિ (૩) ચૈત્રી નવરાત્રિ (૪) અશ્વિન (આસો) નવ રાત્રિ એમ ચાર નવ રાત્રનો મહિમા છે તેમાં અશ્વિન માસના નવરાત્રનો મહિમા અધિક મનાય છે. નવરાત્રિ એટલે શક્તિ, માતા કે દેવીનીના આરાધનાનું પર્વ. આપણા ગુજરાતમાં શક્તિ સંપ્રદાયની મુખ્ય ત્રણ શક્તિપીઠો ગરબાની પાવાગઢ, બહુચરાજી અને અંબાજી આવેલી છે. આમ તો બારેમાસ આ યાત્રાધામો

શ્રધ્ધાળુઓની આવન જાવન રહે પરંતુ ખાસ કરીને નવરાત્રીમાં તેનું મહત્વ અને મહાત્મ્ય કંઈક વિશેષ જ હોય છે આજે આપણે પણ આ નવલા નોરતાંની કોલમમાં એક ગરબાની ઝલક લઈએ.. બોલો અંબે માતની જય.. લ્યો ત્યારે બોલાવો રમઝટ.. કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા, આસોના નવરાત્ર આવ્યા રે લોલ ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યાં રે ગરબા ઝીણા ઝીણા જાળિયાં મુકાવ્યા રે લોલ કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા, કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ કોના કોના માથે ત્યાં રે ગરો, કોના કોના માથે ત્યા રે લોલ નાની નાની બેનડીના માથે રે ગરબો, નાની નાની બેનડીના માથે રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ ઘૂમતો ઘૂમતો આવ્યો કે ગરબો, ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો રે આરાસુર, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા અંબાએ તને વધાવ્યો રે ગરબા, મા અંબાએ તને વધાવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો રે પાવાગઢ, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા કાળીએ તને વધાવ્યો રે ગરબા, મા કાળીએ તને વધાવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો માટેલ ગામ, હરતો ને ફરતો આવ્યો રે લોલ મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા, મા ખોડિયારે તને વધાવ્યો રે લોલ હરતો ને ફરતો આવ્યો શંખલપુર, હરતો ને ફરતો આવ્યો રે મા બહુચરે તને વધાવ્યો રે ગરબા, મા બહુચરે તને વધાવ્યો રે લોલ કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે.

તો ફાલ્ગુની પાઠક જેવા કલાકારો

ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર ... ઈંધણા વીણવા ગઈ'તી રે લોલ વેળા બપોરની થઈ'તી મોરી સૈયર, વેળા બપોરની થઈ'તી રે લોલ.ચૈતરનું આભ સાવ સુનું સુનું તોયે કંઈથી કોકિલ કંઠ બોલે રે લોલ વનની વનરાઈ બધી નવલી તે કુંપળે દખ્ખણને વાયરે ડોલે રે લોલ. જેની તે વાટ જોઈ રઈ'તી મોરી સૈયર.તેની સંગાથે વાટ વઈ'તી રે લોલ.સુકી મેં વીણી કંઈ ડાળીને ડાખળી સુકા અલૈયા ને વીણ્યા રે લોલ લીલી તે પાંદળીમાં મેહકંતા ફૂલ બે મારે અંબોડલે સોહ્યા રે લોલ. વસ્ત્રક્ત વહેણમા ન'ઈતી મોરી સૈયર વસ્ત્રક્ત વહેણમા ન'ઈતી રે લોલ. ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર ... ઈંધણા વીણવા ગઈ'તી રે લોલ વેળા બપોરની થઈ'તી મોરી સૈયર, વેળા બપોરની થઈ'તી રે લોલ. વાચક ચાહક મિત્રો આપણે નવરાત્રીનો આનંદ આરાધના ઉપાસના ગરબા સાથે લઈ રહયા છીએ ત્યારે આજે ચોથું નોરતું છે.માં શક્તિના ચાચર ચોકમાં વિવેક પૂર્વક ગરબામાં રમઝટ બોલાવી ખુશ રહો.

## શું તમે પણ એસિડિટી અને ગેસ જેવી સમસ્યાથી કંટાળ્યા છો?



ઘણી વખત તીખો તમતમતો ખોરાક ખાવાથી આપણને એસીડીટી અને ગેસની સમસ્યા થઈ જતી હોય છે તો ખાધા બાદ બેસી રહેવાની કે સુઇ જવાની ટેવને કારણે અપચાની સમસ્યા સતાવતી હોય છે. તેવામાં સૌથી પહેલા તો આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કેટલીક ઘરેલુ આસાન ટિપ્સ છે જે ફોલો કરવી જોઈએ. એસીડીટી અને અપચાની સમસ્યાથી ન ફક્ત ખાટા ઓડકાર આવે છે કે પછી પેટનો દુખાવો થાય છે પણ ઘણી વખત માથુ દુખવા લાગે છે અને વોમિટિંગ પણ થાય છે. તેવામાં કેટલીક સામાન્ય બાબતોનું જો ધ્યાન રાખવામાં આવે તો આવી તકલીફ માંથી મુક્તિ મળી શકે છે. ખાઈને તરત સૂવાની ટેવ હોય તો તરત જ તેનાંથી દૂર રહો. જમ્યા બાદ ચાલવાની ટેવ પાડો. આપની જમ્યા બાદ ચાલવાની ટેવ પાડશો તો ન ફક્ત એસીડીટી અને અપચાની સમસ્યાનું નિવારણ નહીં આવે પણ સાથે સાથે પેટ પર જામતી ચરબીનાં થ પણ ઘટશે. ખૂબ જ વાયુ થયો હોય તો, દિવસમાં અડધી ચમચી અજમો ગરમ પાણી સાથે લો. જેના કારણે પેટના દુખાવામાં અને હૃદયના દુખાવામાં રાહત મળશે. અજમા સાથે થોડું સિંધાલૂણ અને લીંબુનાં બે-ત્રણ ટીપાં પણ અક્સિર ઈલાજ છે. જો દિવસમાં ગોળ અને સૂંઠને ભેળવી ત્રણ વાર લેવાથી ગેસ અને પિત્તની સમસ્યા દૂર થાય છે. ગેસની તકલીફ દૂર કરવા, શેકેલા કાચકા અને મરી સરખાભાગે લઈ પાવડર બનાવી ફાકી કરવાથી ગેસમાં ચોક્કસથી રાહત મળે છે. શરીરમાં વધુ એસિડ બનવાના કારણે એસિડિટીની સમસ્યા થઈ જાય છે. તેના ઘણા કારણ હોઈ શકે છે, જેમ કે મસાલેદાર ભોજન. જો તમે આ સમસ્યાથી છુટકારો મેળવવા માંગો છો તો આયુર્વેદના ૩ ઉપાયો જરૂર અપનાવો. જે લોકો એસિડિટીની સમસ્યાથી પરેશાન છે, તેઓ જ જાણે છે કે તેના કારણે કેટલી ટેસ્ટી વસ્તુઓ ખાવાનું છોડવું પડે છે. કારણ કે તળેલુ અને મસાલેદાર ખાવાથી એસિડિટી અને હાર્ટ બર્નની સમસ્યા ગંભીર થઈ શકે છે.

# મુલતાની માટીમાં આ વસ્તુ મિક્સ કરીને લગાવો, ગાયબ થઇ જશે ખીલના ડાઘ

ચહેરા પર ખીલ થયા છે અને સાથે ડાઘા પડ્યા છે તો તમે મુલતાની માટીમાં એલોવેરા જેલ મિક્સ કરીને લગાવો. એલોવેરા જેલમાં એન્ટી ઓક્સિડન્ટ્સ અને એન્ટી ફંગલ ગુણ હોય છે જે તમારી સ્કિનને અંદરથી ક્લિન કરીને ખીલ દૂર કરે છે અને સાથે ફેસ પરના ડાઘા પણ દૂર કરે છે. અઠવાડિયામાં એક વાર મુલતાની માટી લગાવોઃ તમારા ફેસ પર બહુ ખીલ થયા છે તો તમે અઠવાડિયામાં એક વાર મુલતાની માટી લગાવો. મુલતાની માટી તમારે ડાયરેક્ટ નહીં પરંતુ આ વસ્તુઓ મિક્સ કરીને લગાવવાની રહેશે. તમને જણાવીએ મુલતાની માટીમાં કઈ વસ્તુઓ મિક્સ કરીને લગાવવાથી ચહેરા પરના ડાઘથી રાહત મેળવી શકાય છે.

ટીન એજમાં શરીરમાં થનારા હોર્મોનલ બદલાવના કારણે ફેસ પર ફોલ્લીઓ નીકળી આવે છે, જેનાથી ચહેરાની ચમક ફિક્કી પડી જાય છે. તેનાથી છુટકારો મેળવવા માટે છોકરા-છોકરીઓ મોંઘીદાટ ક્રીમનો ઉપયોગ કરે છે, જ્યારે તેનો ઈલાજ આયુર્વેદમાં છે. ચહેરા પર ખીલ થાય છે તો તમે મુલતાની માટીમાં મધ મિક્સ કરીને ચહેરા પર લગાવો. મધ મિક્સ કરીને ચહેરા પર મુલતાની માટી લગાવવાથી સ્કિન અંદરથી ક્લિન થાય છે. મધ સ્કિન પર લગાવવાથી ડ્રાયનેસ પણ દૂર થાય છે. તમે મુલતાની માટીથી તમારી ખૂબસૂરતી પાછી મેળવી શકો છો. તો ચાલો જાણીએ તેમાં કઈ વસ્તુઓ મિક્સ કરીને લગાવવાથી ચહેરા



પરના ડાઘ અને ફોલ્લીઓ દૂર કરી શકાય છે. મુલતાની માટીનો ફેસપેક બનાવવા માટે એક વાટકી લો પછી તેમાં ૨ ચમચી મુલતાની માટી અને ગુલાબ જળ કે સાદુ પાણી મિક્સ કરો, તેવામાં જો તમારી સ્કિન ઓઈલી હોય તો પછી તેમાં લીંબુના રસના થોડા ટીપાં પણ મિક્સ કરી શકો છો. મુલતાની માટીમાં એવા અનેક ગુણ છે જે ત્વચાને સાફ કરવાની સાથે ડેડસ્કિનને દૂર કરે છે.

જો કે ઘણી વખત ડ્રાય સ્કિનમાં મુલતાની માટી લગાવવામાં આવે તો સ્કિન વધુ ડ્રાય થઈ જાય છે. તેથી મુલતાની માટીનો પ્રયોગ કરતા પહેલા અમુક વાતોનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. અનેક લોકો ચહેરા પર મુલતાની માટી લગાવતા હોય છે. મુલતાની માટી એન્ટી ઓક્સિડન્ટ્સથી લઈને બીજા અનેક પ્રકારના ગુણો રહેલ હોય છે. મુલતાની માટી તમે ચહેરા પર પ્રોપર રીતે લગાવો છો તો ફાયદો થાય છે નહીં તો નુકસાન થાય છે. મુલતાની માટી ક્યારે પણ ગરમીમાં ડાયરેક્ટ એપ્લાય કરશો નહીં.

આમ કરવાથી સ્કિનને અનેક ઘણું નુકસાન થાય છે. આમ, મુલતાની માટી લગાવતી વખતે અનેક લોકોના મનમાં પ્રશ્ન થતો હોય છે કે શું મુલતાની માટી લગાવવાથી ખીલ થાય? તમારા મનમાં પણ આ પ્રશ્ન થાય છે તો જાણો અહીં જવાબ. આમ, તમને જણાવી દઈએ કે તમારા ચહેરા પર ખીલ છે તો તમે મુલતાની માટીમાં હળદર અને ગુલાબ જળ મિક્સ કરીને લગાવો. આમ કરવાથી સ્કિન મસ્ત થઈ જાય છે અને સાથે ખીલમાંથી છૂટકારો મળે છે.

જ્યારે ડ્રાય અને સેંસેટિવ સ્કિન વાળા ફેસ પેકમાં મધ મિક્સ કરી શકો છો, તે ચહેરાને મોઈશ્ચર કરે છે. ખીલ અને સોજો ઓછો કરવા માટે તેમાં એક ચપટી હળદર મિક્સ કરો. તમે તેને વધુ ઈફેક્ટિવ બનાવવા માટે એલોવેરા જેલ પણ મિક્સ કરી શકો છો. હવે તમે તેમાં પાણી એડ કરીને મુલતાની માટીની પેસ્ટ તૈયાર કરી લો. કોઈપણ ફેસપેક લગાવતા પહેલા ચહેરાને સારી રીતે સાફ કરી લો. તે બાદ વાળને સારી રીતે બાંધી લો. પછી તમે બ્રશ કે પછી આંગળીથી આંખ અને હોઠને બચાવતા, પેસ્ટને તમારા ચહેરા અને ગરદન પર સમાન રૂપે લગાવી લો. આ પેકને તમે ૧૫થી ૨૦ મિનિટ લગાવી રાખો. જ્યારે પેક સંપૂર્ણ રીતે સૂકાઈ જાય તો તેને હુંફાળા પાણીથી ધોઈ લો. પછી ટુવાલથી ચહેરાને સૂકવી લો અને ફેસ પર મોઈશ્ચરાઈઝર અપ્લાય કરો.

## લગાવો ડુંગળીનો રસ અને જુઓ વાળમાં ચમત્કારી ફાયદઓ

હેર કેર રૂટિન અપનાવ્યા પછી પણ, વાળ ખરવાની, ડ્રાયનેસ અને ડેમેજ હેરની સમસ્યા દૂર થતી નથી. આવી સ્થિતિમાં ડુંગળીના રસનો ઉપયોગ તમારા માટે બેસ્ટ હોઈ શકે છે. જાણો વાળ માટે ડુંગળીના રસનો ઉપયોગ કેવી રીતે કરવો. હેર ફોલ પર રોક લગાવવામાં ડુંગળીનો રસ ખૂબ જ લાભકારક હોય છે. તેને તમે ૩ રીતે વાળ પર અપ્લાય કરી શકો છો. લાંબા અને ભરાવદાર વાળ હોય પરંતુ વધતા પ્રદૂષણ અને ખરાબ ખાન-પાનના કારણે ઘણા લોકોની ઈચ્છાઓ પર પાણી ફરી વળે છે.



વાળ વધવાના બદલે ખરવા લાગે છે. તેવામાં તેના પર રોક લગાવવા માટે હોમ રેમેડીનો સહારો લેવામાં આવે છે. હેર ફોલ પર રોક લગાવવામાં ડુંગળીનો રસ ખૂબ જ લાભકારક હોય છે. તેને તમે ૩ રીતે વાળ પર અપ્લાય કરી શકો છો, તો ચાલો જાણીએ તેના વિશે. ડુંગળીનો રસ સલ્ફરથી ભરપૂર હોવાની સાથે એન્ટીઓકસીડેન્ટ તત્વોથી પણ ભરપૂર હોય છે. આવી સ્થિતિમાં વાળ પર ડુંગળી લગાવવાથી વાળ ખરવાથી છુટકારો મેળવવામાં મદદ મળે છે, પરંતુ સ્કેલ્પમાં ખોડો પણ ઓછો થાય છે. ડુંગળીના રસને વાળ માટે સંજીવની બૂટી માનવામાં આવે છે. તે માટે તમારે ૫-૬ ચમચી ડુંગળીના રસને દહીં સાથે મિક્સ કરી સ્કેપ્લ પર લગાવવાનો છે. તેને ૨૦ મિનિટ સુધી છોડી દો અને પછી માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. તેનાથી તમારા વાળ લાંબા થવા લાગશે.



## દૂધ અને ઘીની તાકાત

દૂધ પોષક તત્વોનું પાવરહાઉસ છે. ઘણા લોકો દૂધના ગ્લાસમાં થોડું ઘી મિક્સ કરીને પીવાની સલાહ આપે છે. ઘીવાળું દૂધ તમારી ઓવરઓલ હેલ્થ માટે એક ઉમદા મિશ્રણ છે અને રાતે તેનું સેવન કરવાથી સારી ઉંઘ આવે છે. ઘી અને દૂધ બંને વિટામિન, એન્ટીઓક્સિડેંટ, હેલ્ધી ફેટ અને અનેક જરૂરી મિનરલ્સનો ઉમદા સ્ત્રોત છે.

રિસર્ચ અનુસાર, દરરોજ સીમિત માત્રામાં ઘીનું સેવન કરવાથી તમારા શરીરને જરૂરી વિટામિન અને મિનરલ મળે છે, જેનાથી તમામ શારીરિક કાર્યોમાં મદદ મળે છે. આ જ રીતે દૂધ તમારા શરીરમાં પોષક તત્વોની ઉણપ દૂર કરવામાં મદદ કરવા માટે જાણીતું છે. સદીઓથી જરૂરી પોષક તત્વો માટે દૂધને તમારા ડાયેટમાં સામેલ કરવાની સલાહ આપવામાં આવે છે. શરીરમાં કમજોરીના કારણે નાની મોટી બીમારીઓ પરેશાન કરતી રહે છે. કમજોરીના કારણે હૃદય અને દિમાગનું કામકાજ પણ મંદ પ ડી શકે છે. આયુર્વેદમાં કેટલાંક ખાદ્યપદાર્થોને દરરોજ ખાવાની સલાહ આપવામાં આવે છે, જે કમજોરી દૂર કરવામાં મદદ કરે છે. જેમાં સૌથી પહેલાં દૂધનું નામ આવે છે, જે તાકાતનો ભંડાર છે. કમજોરી અથવા ઓછા વજનની સમસ્યાને દૂર કરવા માટે આ નુસખાને અજમાવી શકાય છે. રિસર્ચ અનુસાર, દૂધ અને દેશી ઘી બંનેમાં પ્રોટીન, કેલ્શિયમ, હેલ્ધી કેલેરી, હેલ્ધી ફેટ્સ રહેલું છે જે માસપેશીઓને અને હાડકાંને મજબૂત બનાવે છે. આયુર્વેદ પ્રમાણે એક ગ્લાસ દૂધમાં એક ચમચી ગાયનું દૂધ અને મિશ્રી મિક્સ કરીને નિયમિત પીવાથી શારીરિક, માનસિક અને મગજનો થાક દૂર કરો છો. આ દૂધ શરીરને મજબૂત બનાવે છે.

જો ગર્ભવતી મહિલા આ દૂધનું સેવન કરે છે તો ગર્ભમાં બાળક સ્વાસ્થ્યમંદ અને બુદ્ધિમાન બને છે. દૂધમાં ઘી નાખવાથી મૂળ તરીકે ઘી બની જાય છે જેથી અદભુત સ્વાદ પ્રાપ્ત થાય છે. વધુ સૂક્ષ્મ વિગતો માટે, દૂધમાં મોટી કણો જેવા લક્ષણો દેખાય તો આ સંભવ છે કે તેમાં ઘીનો સંચય થાય છે. તેથી જો તમે ઘી વાળા દૂધનો સ્વાદ અનુભવ કરવા માંગતા હો, તો દૂધમાં થોડો ઘી નાખી તેનો સ્વાદ પ્રસન્ન કરી શકો છો. પરંતુ જો તમે ડાયાબિટીઝ કે વજન વધારનાર છો તો દૂધ અને ઘી નાખવાની અનુશાસનપૂર્વક જરૂર છે. દૂધ અને ઘી સ્લીપ ક્વોલિટીમાં કરે છે સુધાર : આપણામાંથી ઘણા લોકો સૂતા પહેલા એક ગ્લાસ ગરમ દૂધ પીવે છે. શું તમે ક્યારેય વિચાર્યુ છે કે આવું કેમ? આવું આ કારણે કેમ કે દૂધ ટ્રિપ્ટોફેનનો એક જરૂરી સ્ત્રોત છે. એક જરૂરી એમિનો એસિડ જે તમારા મગજને આરામ આપે છે.

## બોલિવૂડ-હોલિવૂડ

BOLLYWOOD NEWS FLASH

## રૂમાલ પહેરીને ફાઇટ કરવા લાગી કેટરીના કૈફ

### પરિવારને બચાવવા પાક. પહોંચ્યો ટાઇગર

। મુંબઈ, તા.૧૭ ।

સલમાન ખાન અને કેટરીના કૈફની મચ અવેટેડ ફિલ્મ ટાઈગર ૩નું દમદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરથી જ ફિલ્મના ડાયલોગ્સ અને એક્શનના લેવલની જાણકારી મળી જાય છે. આ ફિલ્મમાં કેટરીના કૈફ અત્યાર સુધીની બંને ફિલ્મો કરતા વધુ એક્શન અને લડાઈ કરતી જોવા મળી રહી છે. સૌથી રસપ્રદ કેટરીના કૈફની ટોવેલ ફાઈટ અને સલમાન ખાનનો દાઢી મૂંછવાળો લુક છે. સલમાનનો આ લુક શૂટિંગ સમયે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો હતો. આ ટ્રેલરમાં સલમાનનો અલગ-અલદ લુક જોવા મળી રહ્યો છે. ટાઈગર ૩ માં ઈમરાન હાશ્મી મેન વિલન છે. આ ફિલ્મમાં ઈમરાન વિલન બન્યો છે. ટ્રેલરની શરૂઆતમાં સલમાન ખાનની ઝલક જોવા મળે છે. તેણે સ્કાર્ફથી મોતાનું મોઢું સંતાડ્યું છે. ત્યાં જ રેવતી મુખ્ય ભૂમિકામાં જોવા મળી રહી છે. પછી સલમાન ખાન બાઈક પર એક્શન સીન કરતો નજર આવે છે.





### હાલમાં પોતાનો જન્મ દિવસ ઉજવ્યો

## હેમા માલિની ધર્મેન્દ્ર સિંહ દેઓલ કરતા વધુ અમીર છે

। મુંબઈ, તા.૧૭ ।

૧૬મી ઓક્ટોબરે બૉલિવુડની ડ્રીમ ગર્લ હેમા માલિનીનો ૭૪મો જન્મદિવસ હતો. તે એક એવી અભિનેત્રી છે જેની ગણતરી સૌથી સફળ અભિનેત્રીઓમાં થાય છે. બૉલિવુડમાં પોતાની ઓળખ બનાવ્યા બાદ અભિનેત્રીએ રાજકારણમાં પગ મૂક્યો હતો. હેમા માલિની લાંબા સમયથી ભારતીય સંસદના સભ્ય છે અને હાલમાં મથુરાથી સાંસદ છે. આવો જાણીએ અભિનેત્રીની પાસે કેટલા કરોડની સંપત્તિ છે. હેમા માલિનીના ફિલ્મી કરિયરની વાત કરીએ તો તેણે અગણિત ફિલ્મો કરી છે. જેમાંથી તેણે મોટાભાગની ફિલ્મો ધર્મેન્દ્ર સાથે કરી છે. બંનેએ ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું જે સુપરહિટ સાબિત થઈ હતી. આ પછી બંને વચ્ચે નિકટતા વધી અને પછી અભિનેતાએ હેમા માલિની સાથે બીજા લગ્ન કર્યા. તમને જણાવી દઈએ કે હેમા માલિનીની પાસે ધર્મેન્દ્ર કરતા પણ કરોડોની વધુ સંપત્તિ છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૯માં ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા એફિડેવિટમાં હેમા માલિનીએ કહ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં તેમની સંપત્તિમાં ૩૪.૪૬ કરોડ રૂપિયાનો વધારો થયો છે. એટલે કે અભિનેત્રી પાસે ૨૪૯ કરોડ રૂપિયાની સંપત્તિ છે. જેમાં છેલ્લા ૩ વર્ષમાં ૭૨ કરોડ રૂપિયાનો વધારો થયો છે. આ પ્રોપર્ટીમાંથી ધર્મેન્દ્રની સંપત્તિ ૧૩૫ કરોડ રૂપિયા છે. વર્ષ ૨૦૧૪માં હેમા પાસે ૧૭૮ કરોડ રૂપિયાની સંપત્તિ હતી. આ સિવાય હેમા પાસે ૫.૬૧ લાખ રૂપિયા રોકડા હોવાની માહિતી પણ આપવામાં આવી હતી. હેમા માલિનીની કમાણી દર વર્ષે ૧૦ કરોડ રૂપિયા વધે છે. પરંતુ જો ધર્મેન્દ્રની સરખામણી કરીએ તો તેની કમાણી અભિનેત્રી કરતા ઘણી ઓછી છે. ધર્મેન્દ્રના કહેવા પ્રમાણે, તેમની પાસે માત્ર ૩૨,૫૦૦ રૂપિયા રોકડા છે. હેમા માલિનીએ આપેલી માહિતી અનુસાર, તેમની પાસે બે કાર છે, જેમાં એક મર્સિડીઝ અને એક ટોયોટા કાર છે. જેમાં તેણે ૩૩.૬૨ લાખ રૂપિયામાં મર્સિડીઝ ૨૦૧૧ ખરીદી હતી. જ્યારે તેમના પતિ ધર્મેન્દ્ર પાસે ૧૨૩.૮૫ કરોડ રૂપિયાની સંપત્તિ છે. હેમા માલિની અને ધર્મેન્દ્રની કુલ સંપત્તિમાં ૨૦૧૪ થી ૨૦૨૦ સુધીમાં ૭૨ કરોડ રૂપિયાનો વધારો થયો છે. પતિ ધર્મેન્દ્ર ઉપરાંત હેમા માલિનીના સાવકા પુત્ર એટલે કે સની દેઓલ બૉલિવુડના મોટા સુપરસ્ટાર છે. સંપત્તિની વાત કરવામાં આવે તો તે પણ અભિનેત્રીથી ઘણા પાછળ છે. રિપોર્ટસ અનુસાર, સની પાસે કુલ ૮૩ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

## છ વર્ષ જેલમાં હતી, લીધી બીગ બોસમાં એન્ટ્રી

। મુંબઈ, તા.૧૭ ।

જીગ્ના વોરાએ પણ બિગ બોસ ૧૭માં એન્ટ્રી લીધી છે. જિગ્ના વોરા એક ક્રાઈમ રિપોર્ટર છે જેણે મુંબઈ મિરર, ફ્રી પ્રેસ જર્નલ અને મિડ ડે માટે કામ કર્યું છે. આજકાલ જિગ્નાનું નામ ખૂબ જ ચર્ચામાં છે કારણ કે જિગ્ના વોરા વિવાદાસ્પદ રિયાલિટી શો બિગ બોસ ૧૭માં પહોંચી છે. ૨૦૧૧માં પત્રકાર જ્યોતિર્મય ડેની હત્યાના સમાચારે સૌને ચોંકાવી દીધા હતા. આ હત્યામાં મહિલા પત્રકાર જીજ્ઞા વોરાનું નામ પણ સામે આવ્યું હતું. તમને જણાવી દઈએ કે ૧૧ જૂન, ૨૦૧૧ના રોજ પવઈના હિરાનંદાનીમાં અજાણ્યા



હુમલાખોરો દ્વારા જ્યોતિર્મય ડેની હત્યા કરવામાં આવી હતી. જેમાં હત્યારાઓની ઓળખ અંડરવર્લ્ડ ગેંગસ્ટર છોટા રાજન સાથે સંકળાયેલા સાત લોકો તરીકે કરવામાં આવી હતી. પ્રારંભિક તપાસ બાદ મુંબઈ પોલીસે રાજન અને વોરા પર આરોપ લગાવ્યા હતા. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૧૨માં મુંબઈ પોલીસે જીગ્ના વોરા વિરુદ્ધ ગુનાહિત કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. આ પછી, ૬ વર્ષ જેલમાં વિતાવ્યા પછી, જીજ્ઞા વોરાને પાછળથી જામીન મળી ગયા અને ૨૭ જુલાઈ ૨૦૧૨ ના રોજ મુક્ત કરવામાં આવી. જીજ્ઞા વોરા ટૂંક સમયમાં બિગ બોસ ૧૭માં જોવા મળશે.

## શાહરૂખ ૬૦૦૦ કરોડ રૂપિયાનો માલિક

। મુંબઈ, તા.૧૭ ।

બોલિવૂડના કિંગખાન અને કરોડો ફેન્સના દિલો પર રાજ કરનાર સુપરસ્ટાર શાહરૂખ ખાનની ફિલ્મો સુધીની સફર અનેક ઉતાર ચઢાવોથી ભરેલી રહી છે. શાહરૂખ ખાને પોતાના એક્ટિંગ કરિયરની શરૂઆત ટેલિવિઝનથી કરી હતી અને ધીમે ધીમે પોતાની સખત મહેનત સાથે ત્યાંથી વર્ષ ૧૯૯૨માં તે ફિલ્મ ઈન્ડસ્ટ્રી સુધી પહોંચ્યો હતો. શાહરૂખ આજે એક ગ્લોબલ સ્ટાર છે. આપને જાણીને આશ્ચર્ય થશે કે, વર્ષ ૨૦૧૪માં તેને વિશ્વનો બીજો સૌથી ધનવાન એન્ટરટેઈન્મેન્ટ પર્સનાલિટી જાહેર કરાયો હતો. શાહરૂખે પોતાના કરિયરની શરૂઆત ભલે માત્ર એક એક્ટર તરીકે કરી હોય, પરંતુ તેણે પોતાની આવડત અને સમજ દ્વારા વિવિધ બિઝનેસમાં પણ પોતાની અલગ ઓળખ મેળવી છે. શાહરૂખ ખાન સૌથી ધનવાન બોલિવૂડ સ્ટાર છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ઘણા અહેવાલો અનુસાર, શાહરૂખ ખાનની અંદાજીત નેટવર્થ રૂ. ૬૦૦૦ કરોડથી પણ વધારે છે. તો ચાલો જાણીએ શાહરૂખ આટલી સંપત્તિ કઈ રીતે કમાય છે. શાહરૂખ ખાન પોતાની એક ફિલ્મ માટે બોલિવૂડના અન્ય સિતારાઓ કરતા સૌથી વધારે ફી ચાર્જ કરે છે, જોકે આ અંગે કોઈ સ્પષ્ટ આંકડો જાણી શકાયો નથી. પરંતુ પઠાન ફિલ્મ માટે તેણે ૨૦૦ કરોડ રૂપિયા ફી ચાર્જ કરી હતી અને તેની હાલમાં જ આવેલી ફિલ્મ જવાન માટે તેણે ૧૦૦ કરોડ રૂપિયા લીધા હતા. જોકે, તે આ ફિલ્મના પ્રોડ્યુસર્સ પૈકી એક છે, તેથી તેણે ફિલ્મના પ્રોફિટમાંથી ૬૦ ટકા હિસ્સો પણ શેર કર્યો હતો. શાહરૂખ ખાન ક્રિકેટ ફિલ્ડમાં પણ હાથ અજમાવી રહ્યો છે અને તેની પાસે આઈપીએલ ટીમ કોલકતા નાઈટ રાઈડર્સ પણ છે. સિયાસત ડેઈલીના એક રીપોર્ટ અનુસાર, આ આઈપીએલ ટીમની કિંમત રૂ.૯૦૦૦ કરોડ છે.



# ઝાલોદ નગરમાં શ્રી કેશરયાજી દશામાં નર્સિંગ કોલેજનું મહંતો અને ડો. પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ તાલુકામાં નર્સિંગ કરતા વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૬-૧૦-૨૦૨૩ ના રોજ શ્રી કેસરીયાજી નર્સિંગ કોલેજનું ઉદ્ઘાટન સંતો મહંતો તેમજ ડૉ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ કોલેજને માન્યતા મળતા આ કોલેજમાં જી.એન. એન અને એ.એન.એન નો કોર્સ ચાલુ કરવામાં આવેલ છે આ કોર્સનો લાભ ૧૦ અને ૧૨ ના અભ્યાસ પછી દરેક વિદ્યાર્થીઓ લઇ શકે છે. આ નર્સિંગ કોલેજમાં સરકારના નિયમો મુજબ ભરતી કરવામાં આવનાર છે તેમજ બહારથી આવનાર વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા પણ ઉપલબ્ધ કરાવામાં આવેલ છે. આ કોલેજ સરકાર માન્ય છે તેથી આ કોલેજમાં સરકારી ધારાધોરણ મુજબ કામગીરી કરવામાં આવનાર છે. નર્સિંગ કોલેજ ઝાલોદ નગરમાં ચાલુ થતાં ઝાલોદ તાલુકાના વિદ્યાર્થીઓને હવે ખોટા ખર્ચા કરી બહાર ભણવા જવાની જરૂર પડશે નહીં. આ કોલેજમાં હાલમાં બંને કોર્સમાં થઈ અંદાજીત ૫૫ જેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે એડમિશન આપવામાં આવનાર છે. આ કોલેજમાં એસ.સી, એસ.ટી વિધાર્થીઓને સરકારના નિયમ મુજબ ફ્રી ભણાવવામાં આવનાર છે તેમજ સરકાર તરફથી મળતી તમામ સહાય આ વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે. ઝાલોદ તાલુકામાં સૌપ્રથમ શ્રી કેસરિયાજી દશામાં કોલેજ ઓફ નર્સિંગના શુભ ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન ડૉ.બિરેન પટેલ, ધના મહારાજ, સરદારભાઈ મહારાજ, સંસ્થાના પ્રમુખ મુકેશ ડામોર,ગામડી જિલ્લા સભ્ય સુમન ડામોર તેમજ નર્સિંગ કોલેજ સ્ટાફમિત્રો, વાલી મિત્રો,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# બારડોલી તાલુકાના ૨૫ સફાઇ કામદારો દ્વારા ૨.૫ મેટ્રિક ટન કચરો એકત્રિત કરી વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાયો



। સુરત, તા.૧૭ ।

આગામી બે મહિના સુધી રાજ્યભરમાં ચાલનારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં સક્રિય જનભાગીદારી નોંધાવવા બારડોલી તાલુકા ખાતે ૨૫ સફાઈ કામદારોએ વિવિધ સ્થળોએ સફાઈ કાર્ય હાથ ધરાયું હતું. જેમાં તેમણે ૨.૫ મેટ્રિક ટન જેટલો સૂકો કચરો ભેગો કરી તેના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા કરી હતી. અત્રે નોંધનીય છે ૧ ઓક્ટોબરથી શરૂ થયેલા સ્વચ્છતા અભ્યાનમાં લોકભાગીદારી વધારવા અને સફાઈ કામગીરીને તેજ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા આ કાર્યક્રમને લંબાવાયો છે. ત્યારે સમગ્ર સુરત જિલ્લામાં વિવિધ સ્તરે સફાઈ અભિયાન થકી સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવી રહ્યો છે. અને સ્માર્ટ સિટીને સ્વચ્છ અને સુંદર બનાવાઈ રહ્યું છે.

# ઝાલોદ નગરના મીઠાચોક વિસ્તારમાં નવિન પોલિસ ચોકીનું ઉદ્ઘાટન કરાયું

## ડી.વાય.એસ.પી પટેલ અને પી.એસ.આઈ રાઠવાના હસ્તે મુહૂર્ત કરાયું



। ઝાલોદ, તા.૧૭ ।



ઝાલોદ નગરના મીઠાચોક વિસ્તારમાં આજરોજ તારીખ ૧૭-૧૦-૨૦૨૩ ના રોજ બપોરે ૧:૩૦ વાગે નવીન પોલિસ ચોકીનું ઉદ્ઘાટન ડી.વાય.એસપી પટેલ અને પી.એસ. આઈ રાઠવાના હસ્તે કરવામાં આવ્યું હતું. પોલિસ તંત્રને અવારનવાર સ્થાનિક રહેવાસીઓ દ્વારા મીઠાચોક વિસ્તારમાં પોલિસ ચોકી ખોલવા માંગ કરવામાં આવી રહેલ હતી. અહીંના સ્થાનિક રહેવાસીઓ તેમજ સામાન્ય સુવિધા સચવાય તે હેતુથી છેલ્લા કેટલાય સમયથી મીઠાચોક વિસ્તારમાં એક પોલિસ ચોકી ઉભી થાય તે માટે નગરજનો પોલિસ તંત્ર પાસે માંગણી કરી રહેલ હતા. લોકહિત અને સર્વ સમાજના લોકોની સલામતી માટે ઝાલોદ કેળવણી મંડળ દ્વારા પોલિસ તંત્રને પોલિસ ચોકી ઉભી કરવા માટે સહયોગ આપતા પોલિસ ચોકી માટે જગ્યા ફાળવવામા આવી હતી. આ પોલિસ ચોકીના ઉદ્ઘાટન પ્રસંગે કેળવણી મંડળના હોદ્દેદારો, સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા. ડી.વાય.એસપી પટેલ દ્વારા નવીન ખોલવામાં આવેલ પોલિસ ચોકીમાં પોલિસ તંત્રને લગતી તમામ સેવા અહીંયાં આવનાર સમયમાં આપવામાં આવશે તેવું જણાવ્યું હતું.

# સ્વચ્છતા હી સેવા : સ્વચ્છ ભારત અભિયાન આણંદ, પેટલાદ અને ખંભાત તાલુકામાં આવેલા સરકારી અનાજના ગોડાઉન ખાતે સફાઇ કામગીરી હાથ ધરાઇ

। આણંદ, તા.૧૭ ।

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ સમગ્ર દેશ અને રાજ્યમાં સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાનના સમયગાળાને વધુ બે મહિના માટે લંબાવવામાં આવતાં રાજ્યભરમાં સ્વચ્છતા જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં આણંદ જિલ્લાના વિવિધ સરકારી-અર્ધ સરકારી વિભાગો અને પ્રજાજનો હોંશે હોંશે જોડાઈને સ્વચ્છતા ઝુંબેશને આગળ ધપાવી રહ્યાં છે. સ્વચ્છતા ઝુંબેશમાં આણંદના તમામ તાલુ-કામાં વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે આ અભિયાન અંતર્ગત ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ હસ્તકના જિલ્લાના વિવિધ સરકારી અનાજ ગોડાઉન ખાતે ગોડાઉન મેનેજરશ્રીઓના અધ્યક્ષ સ્થાને સાફ-સફાઈની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં આણંદ, પેટલાદ અને ખંભાત તાલુકામાં આવેલાં સરકારી અનાજ ગોડાઉન ખાતે કર્મચારીઓ દ્વારા ગોડાઉન મેનેજરશ્રીના માર્ગદર્શન હેઠળ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# કેન્દ્રીય રાજ્ય સંચારમંત્રી દેવુસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં કૃષિ મેળાનું આયોજન કરાયું

## કેન્દ્રીય સંચારમંત્રી દ્વારા મીલેટ્સની ખેતી કરતા ખેડૂતોને અપાયું સન્માન

। નડિયાદ, તા.૧૭ ।





આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ - ૨૦૨૩ ની ઉજવણીના ભાગરૂપે ખેડા જિલ્લામાં માતર તાલુકામાં આવેલી એન.સી.પરીખ હાઈસ્કૂલ ખાતે કેન્દ્રીય રાજ્યકક્ષા સંચારમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં કૃષિ મેળો યોજાયો હતો.

કેન્દ્રીયમંત્રીશ્રી એ જણાવ્યું કે, આજના સમયમાં રાસાયણિક પાકના કારણે શરીર કેટલાક પ્રકારના રોગોનો શિકાર બન્યો છે. આવનારા સમયમાં નાગરિકો પોતાના જીવનમાં રાગી, કોદરી, બાવટો,બાજરી જેવા મિલેટ ધાન્ય પાકોને પોતાના રોજિંદા જીવનમાં અપનાવી લેશે ત્યારે નાગરિકોને જીવનમાં માંદગીનો સામનો કરવો પડશે નહિ. ભારતના વડાપ્રધાને વિશ્વને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ - ૨૦૨૩ની ઉજવણી આ વર્ષે કરવાની કહી છે. અને સમગ્ર વિશ્વ આ વર્ષને મિલેટ વર્ષ-૨૦૨૩ તરીકે ઉજવી પણ રહ્યો છે. વિશ્વના લોકો આપણી સંસ્કૃતિના ધાન્ય પાકો પોતાના રોજિંદા જીવનમાં લઈ રહ્યા છે. વધુમાં મંત્રીશ્રીએ સમગ્ર નાગરિકોને પોતાના જીવનમાં મિલેટ ધાન્યોને સ્વીકારવા અને વધુ ને વધુ લોકો આ ધાન્ય પાકો જીવનમાં અપનાવી તંદુરસ્ત જીવન જીવી શકે તે અંગે વિનંતી કરી હતી. વધુમાં મંત્રીશ્રી એ જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ આ મીલેટ્સ ધાન્યોને "શ્રી ધાન્ય" કહ્યું છે. બાજરી, રાગી,કોદરી,બાવટો, મનુષ્ય દેહ માટે ફાયદાકારક છે એટલા માટે આ પાકોને વડાપ્રધાનશ્રીએ શ્રી મિલેટ્સ પાકો કહ્યા છે. માતરના ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમારે જણાવ્યું કે, આજના સમયમાં નાગરિકોમાં ડાયાબિટીસની સમસ્યા મુખ્ય છે. એનું મુખ્ય કારણ રાસાયણિક ખાણ-પીણ છે. ખેડૂતો વધુ પાક મેળવવાની લાલશામાં રાસાયણિક ખેતી તરફ વળ્યાં છે. ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ચ દેવવ્રતએ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા વિનંતી કરી છે. વધુમાં ધારાસભ્યશ્રીએ ખેડૂતોને પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી અપનાવવા વિનંતી કરી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રી દ્વારા મીલેટ્સની ખેતી કરતા પાંચ લાભાર્થીઓને સન્માનિત કર્યા હતા. સાથે અન્ય પાંચ લાભાર્થીઓને સાધન સહાય યોજનાનું લાભ આપવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમમાં પરંપરાગત માધ્યમ ભવાઈ દ્વારા લોકોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવા ભવાઈ ભજવવામાં આવી હતી. ત્યારબાદ કેન્દ્રીયમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણ અને માતરના ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર દ્વારા મીલેટ્સની વાનગીઓ ટેસ્ટ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં માતરના ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય શ્રી કેસરીસિંહ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અમિતભાઈ મકવાણા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી રાવજીભાઈ સોલંકી, ભાજપ માતર સંગઠન મંત્રીશ્રી જનકસિંહ ઝાલા, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ડી.એચ.રબારી, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા શ્રી જીતેન્દ્રભાઈ સુથાર, માતરના મામલતદાર શ્રી વી.પી પુરોહિત તેમજ જિલ્લા ના અધિકારીઓ કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# સિંહુજ કુમાર શાળામાં સ્વચ્છતા હી સેવા અંતગર્ત સફાઈ કાર્યક્રમ યોજાયો




। નડિયાદ, તા.૧૭ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નિર્મળ ગુજરાતના આપેલા વિચારને સ્વચ્છતા હી સેવા અભિયાન સાથે જોડી સમગ્ર ગુજરાતને સ્વચ્છ- સુઘડ બનાવવાની નેમને ચરિતાર્થ કરવા સ્વચ્છતા હી સેવા અભિયાન અન્વયે આગામી બે મહિના સુધી રાજ્યવ્યાપી સ્વચ્છતા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવી છે. ત્યારે સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત મહેમદાવાદ તાલુકાના સિહુંજ ગામ ખાતે સિંહુજ કુમાર શાળામાં સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના આચાર્ય શ્રી નરેન્દ્રગીરી ગોસ્વામી એ પ્રાસંગિક પ્રવચન આપી સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું.

# અડાજણ પાલ ખાતે રાજયકક્ષાની ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૨ ટુર્નામેન્ટનો મેયર દક્ષેશભાઈ માવાણીના હસ્તે શુભારંભ

## ૬ દિવસીય ક્રિકેટ પ્રીમિયર લીગમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓ ૩૪ ટીમ મળી ૪૦૦થી વધુ ખેલાડીઓ લઈ રહ્યા છે ભાગ

। સુરત, તા.૧૭ ।







ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે તબીબો સાથે દિવસ રાત ફરજ બજાવનાર નર્સિંગ સ્ટાફ અને નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૨ ટુર્નામેન્ટનું સુરતમાં આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે અડાજણ પાલ સ્થિત મણીબા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે 'ગુજરાત નર્સિંગ ક્રિકેટ પ્રીમિયર લીગ-૨'ની ક્રિકેટ ટુર્નામેન્ટની પ્રથમ મેચનો મેયર દક્ષેશભાઈ માવાણીના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યની નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ અને હોસ્પિટલના સ્ટાફ નર્સ, ફેકલ્ટી સભ્યો સહિત ૪૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

ગુજરાતમાં કોરોનાના કપરા સમયમાં તબીબો સાથે નર્સિંગ સ્ટાફની ઉમદા કામગીરીની રાષ્ટ્રવ્યાપી નોંધ લેવાઈ છે. આ ગૌરવપૂર્ણ ક્ષણ છે. રમતમાં હારજીત નહીં પણ ખેલદીલી પૂર્વક સારી રમત રમવી એ વધુ મહત્વનું છે એમ મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ હાજર સૌને જણાવ્યું હતું.

પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ પરેશભાઈ પટેલે ક્રિકેટ રમત પાછળનો મર્મ સમજાવતા કહ્યું હતુ કે, જેન્ટલમૅનોની રમત તરીકે ઓળખાતી ક્રિકેટ રમત શિસ્ત, સ્પોર્ટ્સ મેન સ્પિરીટ, એકાગ્રતા જેવા ગુણો શીખવે છે. ક્રિકેટ મેચમાં જેમ ટીમ વર્ક મહત્વનું છે, તેમ આપણા આરોગ્ય ક્ષેત્રે પણ ટીમ વર્ક હોવું અતિ આવશ્યક છે. ક્રિકેટથી ટીમ સ્પિરિટ કેળવાય છે અને ફિટનેસ પણ જળવાય છે.

આ અવસરે અમેરિકા સ્થિત મુખ્ય આયોજક અને નર્સિંગ ઓફિસર દિનેશ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ જે.કે.નર્સિંગ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર આદિલ કડીવાલા અને નવી સિવિલના વિરેન પટેલ દ્વારા ખૂબ સીમિત સમયમાં ટુર્નામેન્ટ યોજવા બદલ મેયર તેમજ મહાનુભાવોએ શુભેચ્છા પાઠવી હતી. નોંધનીય છે કે આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં એક મહિલા ટીમ પણ ભાગ લઈ રહી છે.

આ પ્રસંગે સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજનભાઈ પટેલ, નગરસેવક નિલેશ પટેલ, મેડિકલ ફેકલ્ટીના ડીન અને સિન્ડિકેટ મેમ્બર ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ, સિવિલના તબીબી અધિક્ષક ડો.ગણેશ ગોવેકર, નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, નર્સિંગ કોલેજના આચાર્ય ડો. ઈન્દ્રાવતી રાવ, કિરણ દોમડિયા, ડો.અશ્વિન પંડ્યા, નિલેશ લાઠીયા, વિભોર ચુગ સહિત નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ અને મહાનુભાવોના ઉપસ્થિત રહી 'અંગદાન મહાદાન' અભિયાનને રાજ્યવ્યાપી બનાવવા સંકલ્પ ગ્રહણ કર્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગિક બેટિંગ કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે માનસિક તાણ છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વ પૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ નજીકી ની ખોટી સલાહ ને લીધે પરેશાની થયી શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે. કારકિર્દીનું આયોજન કરવું એ બાબત પણ રમત જેટલી જ મહત્વની છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. રૉમેન્ટિક મેળાપ ખૂબ જ આકર્ષક જણાય છે પણ તે લાંબું નહીં ટકે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. તમારા એક સારા કામને કારણે, કામના સ્થળે તમારા શત્રુઓ આજે તમારા મિત્ર બની શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો. આ તે સારા દિવસો માં નો એક દિવસ છે જયારે તમે કાર્યક્ષેત્ર ઉપર ઘણું સારું અનુભવ કરશો?

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**ન્યૂઝ બ્રિફ**

## બ્રસેલ્સમાં સ્વીડનના બે નાગરિકોની ગોળી મારીને હત્યા

। બ્રસેલ્સ, તા.૧૭ ।

બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં સ્વીડનના બે નાગરિકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.આ ઘટનાને બેલ્જિયમના વડાપ્રધાન આતંકવાદી હુમલો ગણાવી છે. હત્યારાઓ ગોળી મારીને સ્કૂટર પર ફરાર થઈ ગયા હતા.આ હત્યાકાંડ બાદ બેલ્જિયમ પોલીસે રાજધાનીમાં લેવલ ફોર ટેરર એલર્ટ અને બાકી દેશમાં લેવલ થ્રી ટેરર એલર્ટ જાહેર કર્યુ છે. બેલ્જિયમ અને સ્વીડન વચ્ચે રમાનારી ફૂટબોલ મેચ પહેલા આ ઘટના બની હતી અને તેને યુરોપના મોટાભાગના દેશોએ ત્વરિત પ્રતિક્રિયા આપીને વખોડી કાઢી હતી.બેલ્જિયમની એક ન્યૂઝ ચેનલના અહેવાલ પ્રમાણે નાગરિકોની હત્યા બાદ સોશિયલ મીડિયા પર એક વિડિયો પોસ્ટ કરવામાં આવ્યટો હતો અને તેમાં દેખાઈ રહેલા વ્યક્તિએ ઈસ્લામિક સ્ટેટથી પ્રેરાઈને પોતે જ આ હુમલો કર્યો હોવાનો દાવો કર્યો હતો.

## ઈઝરાયેલ સેનાનો ડોગ નારો હમાસ સામેના જંગમાં શહીદ

। તેલ અવીવ, તા.૧૭ ।

હમાસે ઈઝરાયેલ પરના આતંકી હુમલા વખતે આચરેલી ક્રુરતાની સાથે સાથે ઈઝરાયેલના સૈનિકો તેમજ લોકોએ દાખવેલી બહાદુરીના કિસ્સા પણ બહાર આવી રહ્યા છે. હવે તો એવુ જાણવા મળ્યુ છે કે, ઈઝરાયેલના કે-૯ યુનિટના કુતરાઓએ પણ આતંકીઓનો બહાદુરીપૂર્વક પ્રતિકાર કર્યો હતો અને ૨૦૦ લોકોને બચાવ્યા હતા.ઈઝરાયેલની સેનાના કે-૯ યુનિટના કુતરાઓએ હમાસના ૧૦ આતંકીઓને ઢાળી દેવામાં પણ મદદ કરી હતી. ઈઝરાયેલના સુરક્ષા દળોના કહેવા પ્રમાણે આ કુતરાઓને ગાઝા બોર્ડર પાસેની ઈઝરાયેલની વસાહતોમાં તૈનાત કરવામાં આવ્યા હતા.આ કુતરાઓએ બંધકોને છોડાવવામાં, લોકોના જીવ બચાવવામાં અને ઘરોમાં છુપાયેલા આતંકીઓને શોધી આપ વામાં સહાયતા કરી હતી. ગાઝા નજીકના કફર અજા વિસ્તારમાં જ્યારે હમાસના આતંકીઓ ઈઝરાયેલના સુરક્ષા દળો પર હુમલો કરવા માટે તૈયાર બેઠા હતા ત્યારે કે -૯ યુનિટના નારો નામના કુતરાએ ઈઝરાયેલના સૈનિકોને એલર્ટ કરી દીધા હતા. ઈઝરાયેલની આર્મીનુ કહેવુ છે કે, નારોએ આતંકીઓની ભાળ મેળવી આપ્યા બાદ ઈઝરાયેલના સૈનિકો ચેતી ગયા હતા.



રામપુરમાં દશેરાના પહેલા કારીગરો દ્વારા રાક્ષસ રાવણના પૂતળા બનાવાની તૈયારી કરવામાં આવી છે.

### ટેટૂનો શોખ આપી શકે છે શોક

## શરીર ઉપર ટેટૂ ચામડી માટે નુકસાનકારક બની શકે છે

। ઉત્તરપ્રદેશ, તા.૧૭ ।

મોર્ડન જમાનામાં શરીર ઉપર ટેટૂ કરાવવાનું ચલણ નોંધપાત્ર રીતે વધ્યું છે. આજકાલના યુવાનોમાં ટેટૂનો ક્રેઝ ખૂબ જ જોવા મળી રહ્યો છે. લોકો શરીર ઉપર અવનવા ટેટૂ ચિતરાવે છે. જો તમે પણ તમારા શરીર ઉપર ટેટૂ કરવાનું વિચારો છો, તો રોકાઈ જાઓ. ટેટૂ તમારા શરીરને આકર્ષક બનાવી શકે છે, પણ તે તમને પણ ખૂબ બીમાર બનાવી શકે છે, તમારા સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે. યુવાનો ખુદને આકર્ષક બનાવવા માટે શરીર ઉપર વિવિધ પ્રકારના ટેટૂ ડિઝાઈન કરાવે છે. છેલ્લા કેટલાક સમયથી ટેટૂ કરાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. મોટાભાગના યુવાનો વિચાર્યા વગર કોઈપણ ટેટૂ આર્ટિસ્ટ





પાસેથી ટેટૂ કરાવે છે, જે વધુ નુકસાનકારક છે. ડર્મેટોલોજિસ્ટ ડૉ.રવિ મોહને જણાવ્યું હતું કે, ટેટૂ કરાવતી વખતે વપરાતી શાહીની ગુણવત્તા સારી ન હોય તો ટેટૂ ચામડી માટે નુકસાનકારક બની શકે છે. જો ટેટૂ કરાવતી વખતે ઉપયોગમાં લેવાતી સોયનો ઉપયોગ પહેલા કરવામાં આવ્યો હોય, તો તમે ઘણી બીમારીઓનો શિકાર બની શકો છો.

### ઈઝરાયેલ-હમાસના યુદ્ધના ૧૧ દિવસ

## ઈઝરાયેલ-હમાસ યુધ્ધને અટકાવવાનો રશિયાનો પ્રસ્તાવ યુએનએ ફગાવ્યો

। મોસ્કો, તા.૧૭ ।

ઈઝરાયેલ-હમાસના યુદ્ધને આજે ૧૧મો દિવસ છે, બંને દેશોમાં ભારે ખુંવારી સર્જાઈ છે. હમાસે શરૂ કરાયેલું યુદ્ધ તેને જ ભારે પડી રહ્યું હોય તેવું દેખાઈ રહ્યું છે. હમાસે શરૂ કરેલા હુમલા બાદ ઈઝરાયેલ પણ આક્રમક કાર્યવાહી કરી રહ્યું છે, ત્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને મોટો ઝટકો લાગવાના અહેવાલો સામે આવ્યા છે. રશિયાએ બંને દેશોના યુદ્ધને અટકાવવા સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં પ્રસ્તાવ રજુ કર્યો છે, જેને યુએનએ ફગાવી દીધો છે. રશિયાએ પ્રસ્તાવમાં ગાઝામાં નિર્દોષ લોકો પર થઈ રહેલી હિંસાનો ઉલ્લેખ કર્યો છે, જેને લઈને તેણે યુદ્ધવિરામની માંગ કરી હતી. જોકે પ્રસ્તાવમાં હમાસના આતંકવાદીઓ દ્વારા ઈઝરાયેલના નાગરિકો પર કરાયેલ હુમલાનો ઉલ્લેખ કરાયો નથી. આવી સ્થિતિમાં પશ્ચિમી દેશોએ આ પ્રસ્તાવને ફગાવી દીધો છે. ૧૫ સભ્યોવાળી સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ પાસ કરાવવા ૯ વોટની જરૂર હતી, જોકે પ્રસ્તાવને સમર્થનમાં માત્ર ચાર દેશોએ મતદાન કર્યું, જ્યારે ચાર દેશોએ તેના વિરુદ્ધ મતદાન કર્યું. રશિયાના પ્રસ્તાવને સમર્થન આપનારાઓમાં ચીન, સંયુક્ત આરબ અમીરાત, મોઝામ્બિક અને ગૈબોન સામેલ છે.

**ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે**

## તેલ અવીવમાં સાયરન વાગતા નેતન્યાહૂ અને બ્લિંકનને બંકરમાં છૂપાવવું પડ્યુ

### એક તરફ ઈઝરાયલની સેના ગાઝા પટ્ટી પર બોમ્બમારો કરી રહી છે તો બીજી તરફ હમાસ તરફથી ઈઝરાયલ પર રોકેટ છોડવામાં આવી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૧૭ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. એક તરફ ઈઝરાયલની સેના ગાઝા પટ્ટી પર બોમ્બમારો કરી રહી છે તો બીજી તરફ હમાસ તરફથી ઈઝરાયલ પર રોકેટ છોડવામાં આવી રહ્યા છે. દરમિયાન સોમવારે



તેલ અવીવમાં રોકેટ હુમલાની આશંકા વચ્ચે સાયરન વાગતાં ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને થોડો સમય બંકરમાં છૂપાઈ જવું પડ્યું હતું. બ્લિંકન હાલમાં યુદ્ધને રોકવા માટે મિડલ ઈસ્ટના પ્રવાસ પર છે. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલરે જણાવ્યું કે ઈઝરાયલની મુલાકાતે ગયેલા બ્લિંકન અને નેતન્યાહૂ સંરક્ષણ મંત્રાલયના કમાન્ડ સેન્ટરમાં બેઠક કરી રહ્યા હતા ત્યારે હવાઈ હુમલાને લઈને સાયરન વાગ્યું હતું. જેના કારણે તેણે પાંચ મિનિટ સુધી બંકરમાં જવું પડ્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બ્લિંકન અને નેતન્યાહૂ તેલ અવીવમાં ઈઝરાયલના અધિકારીઓ સાથે મુલાકાત કરી રહ્યા હતા. આ સમય દરમિયાન, વડાપ્રધાન કાર્યાલયની નજીક સાયરન વાગવા લાગ્યા હતા જે રોકેટના જોખમની ચેતવણી આપતા હતા. અમેરિકી પ્રતિનિધિમંડળની સાથે આવેલા અધિકારીઓ અને પત્રકારોને પણ સુરક્ષિત બંકરમાં લઈ જવામાં આવ્યા હતા. ઈઝરાયલના શહેરો પર રોકેટ હુમલાના કારણે રવિવારે ફરી એકવાર અમેરિકન સેનેટરોની પ્રેસ કોન્ફરન્સમાં વિલંબ થયો હતો. મીડિયા અહેવાલો અનુસાર, રવિવારે મોડી સાંજે ઈઝરાયલના શહેરો તેલ-અવીવ, હોલોન, રામત ગાન, રિશોન લેઝિઓન અને બીટ ડેગનમાં સાયરનનો અવાજ સંભળાયો હતો. જેના કારણે સાંજે ૭ વાગ્યે યોજાનારી યુએસ સેનેટરોની પ્રેસ કોન્ફરન્સમાં વિલંબ થયો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડન ટૂંક સમયમાં ઈઝરાયલની મુલાકાત લઈ શકે છે.

## ઓક્ટોબરમાં કેનેડામાં ત્રણ હિંદુ મંદિરોમાં ચોરી અને લૂંટફાટ

। ટોરેન્ટો, તા.૧૭ ।

કેનેડામાં હિંદુઓના ધાર્મિક સ્થળો પર અસામાજિક તત્વોના હુમલા જારી છે. ઓસ્ટ્રેલિયામાં જે રીતે મંદિરો પર હુમલા થયા છે તેવું જ કેનેડામાં પણ બન્યું છે. ઓક્ટોબર મહિનામાં કેનેડામાં ત્રણ હિંદુ મંદિરોમાં ચોરી અને લૂંટફાટની ઘટના બની છે. પોલીસે હજુ પણ ગુનેગારોને પકડ્યા નથી. મંદિરોમાં ચોરીની ઘટનાઓ ઓન્ટારિયોમાં બની હતી. આ મંદિરોમાં રાખવામાં આવેલી દાનપેટીમાંથી કેશ ઉપાડી જવાઈ હતી તેવું સીસીટીવીમાં જોવા મળે છે. કેનેડાની પોલીસે જણાવ્યું કે તે શકમંદોને પકડવા માટે પ્રયાસ કરે છે. ત્રણેય ચોરીની ઘટનાઓ ૮ ઓક્ટોબરે અમુક કલાકોના ગાળામાં જ બની હતી. મંદિરોમાં ચોરી કરનાર વ્યક્તિ એક જ હોવાનું જણાય છે. તે પાંચ ફૂટ નવ ઈંચની ઉંચાઈ ધરાવતો હતો અને પગમાં તકલીફ હોવાના કારણે ટેકો લઈને ચાલતો હતો. ૮ ઓક્ટોબરે રાતે ૧૨.૪૫ વાગ્યે બેલી સ્ટ્રીટ અને ક્રોસ્નો બોલ્વર્ડમાં ચોરીની ઘટનાઓ બની હતી. એક વીડિયોમાં જોવા મળે છે કે એક વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરે છે અને દાન પેટીમાંથી મોટી સંખ્યામાં રકમ ઉપાડી જાય છે. ત્યાર પછી બ્રોક રોડ અને ડર્સન સ્ટ્રીટમાં પણ આવી જ રીતે મંદિરોમાં લૂંટફાટ કરવામાં આવી હોવાના અહેવાલ મળે છે. એક વ્યક્તિએ જણાવ્યું કે તેમણે એક વ્યક્તિને મંદિરમાં પ્રવેશતો જોયો હતો. પરોઢિયે લગભગ ૨.૫૦ વાગ્યે પણ એજેક્સ ખાતે એક મંદિરમાંથી મોટી સંખ્યામાં ડોલરની ચોરી થતી જોવા મળે છે.

## સઉદી ક્રાઉન પ્રિન્સેયુએસના વિદેશમંત્રી બ્લિક્રેનને કલાકો સુધી રાહ જોવડાવી

। રિયાદ, તા.૧૭ ।

ઈઝરાયલ-હમાસ યુદ્ધને લીધે અમેરિકાની રાજદ્વારી મુશ્કેલીઓ વધી રહી છે. સઉદી અરબસ્તાન અને ઈજીપ્ત જેવા નિકટવર્તી દેશો પણ અમેરિકા સામે ગુસ્સે ભરાયા છે. અમેરિકાનાં તે અંગેના વલણને લીધે તેઓ નારાજ છે.

દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિક્રેન આરબ દેશોની મુલાકાતે છે. તેના ભાગ રૂપે સઉદી અરબસ્તાન પહોંચેલા બ્લિક્રેનને સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને મુલાકાત માટે બ્લિક્રેનને કલાકો સુધી રાહ જોવડાવી હતી. તે ઉપરાંત ઈજીપ્તના નેતા અબ્દેલ ફતહ અલ સીરીએ અમેરિકાનાં વલણ અંગે નારાજગી બતાવી છે. સઉદી અરબસ્તાનના ક્રાઉન પ્રિન્સ વાસ્તવમાં બ્લિક્રેનને ગઈકાલે સાંજે મળવાના હતા. પરંતુ તેને બદલે છેક આજે સવારે મળ્યા.

નિરીક્ષકોનું મંતવ્ય છે કે આ પછી અમેરિકાનું વલણ થોડું બદલાયું છે. તેણે ઈઝરાયલને ગાઝા ઉપર કબજો ન જમાવવા જણાવ્યું છે.

મીટીંગનાં પ્રારંભે જ સઉદી પ્રિન્સે અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, ઈઝરાયલ અંગે અમેરિકાનું વલણ ખોટું છે.

ઈઝરાયલે આક્રમણ તો કરવું જ ન જોઈએ પરંતુ પોતાની સેનાને પણ હટાવી લેવી જોઈએ. તેમણે કહ્યું ઈઝરાયલનાં આક્રમણનો ભોગ નિર્દોષ પેલેસ્ટાઈનીઓ બની રહ્યા છે. ગાઝા પટ્ટીમાં વીજળી અને પાણી પણ રોકવામાં આવ્યા છે. તેથી લોકો એક એક ટીપાં પાણી માટે પણ તરસે છે.

**વિશેષ**

**સ્વચ્છતા હી સેવા': પ્લાસ્ટિક મુક્ત ગામડા બનાવવા માટે કચ્છી મહિલાની ઝુંબેશ**

# રાજ્ય સરકાર દ્વારા ફંડિગ અને માર્કેટિંગ સહયોગથી રાજ્યની મહિલાઓ આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર

### ગામડાની ૬૦ મહિલાઓને રોજગાર, ઓનલાઇન વેચાણથી ઉત્પાદો વિદેશની બજારોમાં પહોંચ્યા । વપરાયેલા પ્લાસ્ટિકમાંથી ટ્રેન્ડી ઉત્પાદો બનાવીને વાર્ષિક૧૫ લાખનું ટર્નઓવર

જન આંદોલન થકી સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરવા માટે, ૨જી ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસને 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. 'કચરા મુક્ત ભારત'ની થીમ સાથે, આ વર્ષે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧૫ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ સુધી 'સ્વચ્છતા હી સેવા' પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારનો પ્રયાસ છે કે સ્વચ્છતાની સંસ્કૃતિ ગામડાઓ સુધી પહોંચે અને ભારત 'ગાર્બેજ ફ્રી' બનીને ચમકી ઉઠે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, સરકારે સ્વચ્છતાને પ્રોત્સાહન આપીને પર્યાવરણ અનુકૂળ નીતિઓ પર અગ્રણી કામગીરી કરી છે અને આ અભિયાનને જનભાગીદારીથી વધુ બે મહિના સુધી વ્યાપકપણે આગળ ધપાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. સ્વચ્છ ભારતના મિશન તરફ આપણે અગ્રેસર બની રહ્યા છીએ ત્યારે એક સશક્ત મહિલાની કહાણી સૌના માટે પ્રેરણારૂપ બની છે, જેમણે ગામડાઓને પ્લાસ્ટિકના કચરાથી મુક્તિ અપાવવા માટે અભિયાન હાથ ધર્યું છે અને એક આત્મનિર્ભર મહિલા તરીકે માત્ર ગુજરાત જ નહીં પરંતુ વિદેશમાં પણ નામ રોશન કર્યું છે.

**પ્લાસ્ટિકના કચરામાંથી એક્સપોર્ટ ક્વોલિટી ઉત્પાદો**

આપણે વાત કરી રહ્યા છીએ કચ્છના ભુજ પાસે આવેલા અવધનગરમાં રહેતાં રાજીબેન વણકરની. ૫૦ વર્ષીય રાજીબેન વણકર પ્લાસ્ટિકના કચરાને પ્રોસેસ કરીને તેમાંથી શોપિંગ બેગ, પર્સ, મોબાઇલ કવર, ટ્રે, યોગા મેટ, ફાઈલ, ચશ્મા કવર સહિતની ટ્રેન્ડી અને રોજબરોજના ઉપયોગમાં લેવાતી ચીજો બનાવે છે. આ કામગીરીમાં તેમની સાથે ૫૦ બહેનો પણ જોડાઈ છે, જેઓ કટિંગથી લઈને ઉત્પાદોના નિર્માણની વિવિધ કામગીરી કરે છે.

**આ રીતે શરૂ થઈ રાજીબેનની યાત્રા**

જ્યારે રાજીબેન ૧૩ વર્ષના હતાં, ત્યારે તેમના પિતાની બીમારી જોઈને તેમણે વણાટ કામગીરી શીખવાનું નક્કી કર્યું. પરંપરાગત રીતે આ પુરુષોનું કામ હતું, પરંતુ તેમણે પરિવારને સહાયતા કરવા માટે આ કામ શીખવાનું શરૂ કર્યું. લગ્ન બાદ અમુક વર્ષોમાં પતિનું અવસાન થઈ જવાથી, પરિવારની જવાબદારી તેમણે હાથમાં લીધી અને વણાટ કામગીરીના માધ્યમથી સ્થાનિક રોજગારી મેળવવાનું શરૂ કર્યું. કચ્છની ખમીર સંસ્થામાં તેઓ જોડાયાં અને ત્યાં પ્લાસ્ટિક રિસાઈક્લીંગની કામગીરી શીખ્યાં.

રાજીબેન જણાવે છે, ''હું પહેલા ખમીર એનજીઓમાં વણાટ કામગીરી કરતી હતી. અહીં એક વિદેશી મહિલા ડિઝાઈનર અમારી સાથે જોડાયાં હતાં અને તેમણે મને પ્લાસ્ટિકમાંથી રિસાઈક્લીંગ કરીને ઉત્પાદો બનાવવા માટે પ્રોત્સાહિત કરી હતી.'' વર્ષ ૨૦૧૨માં રાજીબેને ખમીરમાં પ્લાસ્ટિક રિસાઈક્લીંગની કામગીરી શરૂ કરી હતી. ત્યારબાદ પૂરતી તાલીમ મેળવ્યા પછી ૨૦૧૮માં તેમણે સ્થાનિક મહિલાઓને સાથે જોડીને તેમના ગામમાં આ કામગીરીની શરૂઆત કરી હતી. પ્લાસ્ટિક





રિસાઈક્લીંગમાં તેમને ગામડાઓને પ્લાસ્ટિકના કચરામાંથી મુક્ત કરવાનો ઉપાય દેખાયો હતો. તેથી તેમણે આ કામગીરીને તે ઉદ્દેશ સાથે જોડી દીધી.

**રિસાઇક્લીંગ પ્રક્રિયા : કચરો વીણવાથી ફાઇનલ ઉત્પાદ સુધી**

ચાર તબક્કામાંથી આ પ્રક્રિયા પ્રસાર થાય છે. સૌથી પહેલા પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવે છે, ત્યારબાદ પ્લાસ્ટિકની સફાઈ કરીને સૂકવવામાં આવે છે, ત્યારબાદ પ્લાસ્ટિકની પટ્ટીઓ કાપવામાં આવે છે અને ત્યારબાદ તેમાંથી ઉત્પાદો બનાવવામાં આવે છે. કચરો વીણતી મહિલાઓ પ્લાસ્ટિક એકઠું કરીને રાજીબેનને આપે છે, જેમને નિર્ધારિત મહેનતાણું ચૂકવવામાં આવે છે. રાજીબેન સાથે કામ કરતી મહિલાઓ મહિને ૬ હજાર જેટલી કમાણી કરી લે છે. તેમના ઉત્પાદો હવે ઓનલાઈન પણ ઉપલબ્ધ છે અને ભારતના દિલ્હી, મુંબઈ અને બેંગાલુરૂ જેવા મોટા શહેરોથી લઈને વિદેશમાં લંડન સુધી પહોંચ્યા છે.

રાજીબેન જણાવે છે, ''અમે આ કામગીરીમાં જોડાવા માટે મહિલાઓને તાલીમ આપીએ છીએ. અમારી આસપાસ માધાપર, ભુજોડી અને લખપતમાં પણ બહેનો કામ કરતી થઈ છે. અમે મહિને ૨૦૦ જેટલી શોપિંગ બેગ બનાવીએ છીએ. ઓર્ડર પ્રમાણે અમે ઉત્પાદન ચાલુ રાખીએ છીએ.'' ૧૦ હાથશાળ અને બે સિલાઈ મશીન પર આ કામગીરીની કરવામાં આવી રહી છે. તેઓનું વાર્ષિક ટર્નઓવર ૧૫ લાખ સુધી પહોંચ્યું છે. તેમના ઉત્પાદોમાં શોપિંગ બેગ, ઓફિસ બેગ, ટ્રે અને ચશ્માના કવરની સૌથી વધારે માંગ રહે છે. રાજીબેનને એ વાતનો સંતોષ છે કે આ કામગીરીથી સ્વચ્છતાની સાથે, પર્યાવરણની જાળવણી થાય છે અને લોકોમાં જાગરૂકતા આવે છે.

# સિંધુ ભવન પર ઉઠબેસ કરનાર ચાર આરોપી પોલીસકર્મી પર ભીંસ વધી

## ૨૦૨૧માં લેવાયેલો વિડીયો ૨૦૨૩માં વાયરલ થયા બાદ પોલીસ કારના નંબરના આધારે તપાસ શરૂ કરીને જુહાપુરાના જુનેદ મિર્ઝા સુધી પહોંચી હતી

| અમદાવાદ, તા.૧૭ |

૫ જુલાઈ ૨૦૨૩ના રોજ સિંધુભવન રોડ પર જુનેદ મિર્ઝા નામના યુવકને હાથમાં પોસ્ટર પકડાવ્યા બાદ જાહેરમાં ઉઠબેસ કરાવવાના મામલે હવે પોલીસ પર ભીંસ વધી છે. આ મામલે રાજ્યના હ્યુમન રાઈટ્સ કમિશને ડીજીપીને રિપોર્ટ સબમિટ કરવા માટે કહ્યું હતું, પરંતુ પોલીસ દ્વારા નિયત સમયમાં આ રિપોર્ટ સબમિટ ના કરાવતા હવે હ્યુમન રાઈટ્સ કમિશને ૦૧ નવેમ્બર સુધીમાં આ રિપોર્ટ જમા કરાવી દેવા તાકીદ કરી છે.

આ મામલે હાલ ગુજરાત હાઈકોર્ટમાં પણ કેસ ચાલી રહ્યો છે, જેની વધુ સુનાવણી ૨૩ ઓક્ટોબરના રોજ થવાની છે. ૫ જુલાઈની આ ઘટનામાં હ્યુમન રાઈટ્સ કમિશને ઓગસ્ટમાં રાજ્યના પોલીસવડાને આઈજીપી કે એસીપી સ્તરના અધિકારી પાસે તપાસ કરાવી તેનો



રિપોર્ટ જમા કરવવા માટે જણાવ્યું હતું. આ ઘટનામાં પોલીસે જુહાપુરામાં રહેતા જુનેદ મિર્ઝા પાસે સિંધુભવન રોડ પર ઉઠબેસ કરાવી હતી તેમજ તેને પોતાની મર્સિડિસ પાસે ઉભો રાખી તેના હાથમાં એક પોસ્ટર પકડાવી દઈ તેના ફોટા પાડ્યા હતા. આ પોસ્ટરમાં લખ્યું હતું કે ગાડી મેરે બાપ કી હૈ, પર રોડ નહીં. જોકે, આ મામલે જુનેદના પિતા જાવેદ મિર્ઝાએ ફરિયાદ દાખલ કરી હતી, જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ડીસીપી ઝોન ૭ની સ્કવોડે જુનેદને વગર કોઈ વાંક ગુનાએ તેને જાહેરમાં અપમાનિત કર્યો હતો.

જુદેની મર્સિડિસ કાર સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વિડીયોમાં દેખાઈ હતી. જેમાં આ કાર દ્વારા સિંધુ ભવન રોડ પર સ્ટંટ કરવામાં આવી રહ્યા હતા. જોકે, જુનેદનો દાવો હતો કે આ વિડીયો ૨૦૨૧માં શૂટ કરવામાં આવ્યો હતો, અને તે વખતે તે કારમાં કે પછી સિધુ ભવન રોડ પર મોજૂદ હતો જ નહીં. ૨૦૨૧માં લેવાયેલો વિડીયો ૨૦૨૩માં વાયરલ થયા બાદ પોલીસ કારના નંબરના આધારે તપાસ શરૂ કરીને જુહાપુરાના જુનેદ મિર્ઝા સુધી પહોંચી હતી. ત્યારબાદ તેને સિંધુભવન રોડ પર લઈ જવાયો હતો અને ત્યાં તેને જાહેરમાં ઉઠબેસ કરાવાઈ હતી તેમજ હાથમાં કાર્ડ પકડીને ફોટા પડાવવાની ફરજ પડાઈ હતી. ચોંકાવનારી વાત એ છે કે, આ ઘટનાના ફોટોગ્રાફ્સ અને વિડીયો પોલીસ દ્વારા જ વાયરલ કરવામાં આવ્યા હતા. ફરિયાદીએ એક સમયે એવો પણ દાવો કર્યો હતો કે પોલીસે શરૂઆતમાં આ કેસમાં બે લોકો સામે ફરિયાદ નોંધી હતી, જ્યારે કેસની ચાર્જશીટ ફાઈલ થઈ ત્યારે તેને સાક્ષી તરીકે દર્શાવાયો હતો. જોકે, આ દરમિયાન મિર્ઝાએ હથિયારના લાઈસન્સ માટે અરજી કરી હતી, પરંતુ તેણે પોલીસને ૧૦ લાખ રૂપિયાની લાંચ આપવાનો ઈનકાર કરી દેતા પોલીસે તેને આ કેસમાં ફસાવી દીધો હતો. આ કેસમાં ચાર્જશીટ ફાઈલ થઈ ગયા બાદ પોલીસે જૂન ૨૦૨૩માં કોર્ટમાં વધુ તપાસની મંજૂરી મેળવીને મિર્ઝાને આરોપી બનાવી દીધો હતો. તેને બે વાર પોલીસે નોટિસ પણ મોકલી હતી.

## ન્યૂઝ બ્રિફ

### નવરાત્રિ પર્વ દરમિયાન મેટ્રો ટ્રેનનો સમય લંબાવાયો

| અમદાવાદ, તા.૧૭ |

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર હાલમાં મેટ્રો ટ્રેન સેવાઓ અમદાવાદમાં સવારે ૬.૨૦ કલાકથી રાત્રિના ૧૦ કલાક દરમિયાન કાર્યરત છે. સવારે ૬.૨૦ થી સવારે ૭ વાગ્યા સુધી ૨૦ મિનિટનાં અંતરાલ પર તથા સવારે ૭ વાગ્યાથી રાત્રિના ૧૦ વાગ્યા સુધી સમગ્ર દિવસ દરમિયાન નિશ્ચિત ૧૨ મિનિટનાં અંતરાલ પર મેટ્રો ટ્રેન સેવાઓ કાર્યરત છે. નવરાત્રિ ઉત્સવની ઉજવણીનાં અવસર પર તારીખ ૨૩-૧૦-૨૦૨૩ સુધી સવારે ૬.૨૦ થી મધ્યરાત્રિના ૨ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન ઉપલબ્ધ રહેશે. ૨૩-૧૦-૨૦૨૩ સુધી મેટ્રો ટ્રેન સેવાઓ સવારે ૬.૨૦ કલાકથી રાત્રિના ૧૦ કલાક દરમિયાન રાબેતા મુજબ ઉપલબ્ધ રહેશે તેમજ રાત્રિના ૧૦ કલાકથી મધ્યરાત્રીના ૨ વાગ્યા સુધી દરેક મેટ્રો સ્ટેશનથી ૨૦ મિનિટનાં અંતરાલ પર ઉપલબ્ધ રહેશે. બંને કોરિડોરમાં દરેક ટર્મિનલ સ્ટેશનથી છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૨ વાગ્યાનો રહેશે.

### કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસને જીત અપાવવા માટે કમર કસી

| અમદાવાદ, તા.૧૭ |

કોંગ્રેસ પણ ભાજપની જેમ લોકસભાની તૈયારીઓ આરંભી દીધી છે. કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસને જીત અપાવવા માટે કમર કસી છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે મોટો નિર્ણય કર્યો છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા કેટલાક નેતાઓને લોકસભાની વિવિધ સીટની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખને લોકસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. આ અગાઉ પ્રમુખ, પુર્વ પ્રમુખ, વિપક્ષના નેતા અને પુર્વ વિપક્ષના નેતાને પણ લોકસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. જેમાં ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને લોકસભા બેઠક સોંપાઈ છે. ઉલ્લેખનીય છે કે, અખીલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસ સંગઠન પ્રભારી મુકુલ વાસનીજી તાજેતરમાં જ ગુજરાતના પ્રવાસે હતા. જેમાં તેમણે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાનો, કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ વિપક્ષ નેતાઓ સાથે વિસ્તૃત બેઠક યોજાઇ હતી. તેમની મુલાકાત બાદ બીજીવાર આ લિસ્ટ જાહેર કરાયું છે.

### એપલે સપ્ટેમ્બરમાં જ આઈફોન-૧૫ લોન્ચ કર્યો છે

# જોધપુરમાં ભિખારી આઈફોન ખરીદવા બોરીમાં સિક્કા લઈને દુકાને પહોંચ્યો

## ભિખારી પૈસા લઈને અનેક સ્ટોરમાં ફરે છે પણ તેને એન્ટ્રી નથી મળતી પણ તેનો એક દુકાનમાં પર્વેશ મળે છે જ્યાં દુકાનદારની પૈસા ગણવામાં સ્થિતિ કફોડી થાય છે

| જોધપુર, તા.૧૭ |

સપ્ટેમ્બર મહિનામાં જ એપલ કંપનીનો આઈફોન ૧૫ લોન્ચ કરવામાં આવ્યો છે. ભારતમાં, મોંઘા આઈફોનને ઘણીવાર સ્ટેટસ સિમ્બોલ તરીકે જોવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે સામાન્ય લોકો ફોન પર આટલો ખર્ચ કરી શકતા નથી. એવામાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો છે, જેને જોઈને લોકો દંગ રહી ગયા છે અને જાતજાતની કમેન્ટ કરી રહ્યા છે. આઈફોન-૧૫નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો જોધપુરનો છે. આમાં એક ભિખારી આઈફોન-૧૫ ખરીદવા માટે સિક્કાથી ભરેલી બોરી લઈને દુકાને પહોંચે છે. સિક્કા ગણતી વખતે દુકાનદારની હાલત કફોડી થઈ જાય છે. લોકો આ વીડિયોને ખૂબ પસંદ કરી રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ એક્સપેરીમેન્ટ કિંગે એક સામાજિક પ્રયોગ કર્યો છે. વીડિયોમાં એક છોકરો ભિખારીના ગેટઅપમાં આઈફોન ખરીદવા જતો દર્શાવવામાં આવ્યો છે. તે ઘણા શોરૂમની મુલાકાત લે છે, પરંતુ ઘણી જગ્યાએ તેને એન્ટ્રી મળતી નથી. ઘણા પ્રયત્નો પછી તેને એક સ્ટોરમાં એન્ટ્રી મળે છે. સિક્કાઓમાં તેની ચૂકવણી પણ ત્યાં સ્વીકારવામાં આવે છે. લોકો આ વીડિયોને ખૂબ પસંદ કરી રહ્યા છે. લોકો આના પર ઘણી કોમેન્ટ કરી રહ્યા છે.

જ્યારે આ ભિખારી વ્યક્તિ બોરીમાં સિક્કા લઈને દુકાનમાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે અને પછી જ્યારે તે દુકાનની અંદર પ્રવેશે છે તો તેનો દેખાવ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ જાય છે. વીડિયોમાં દુકાનદારને સિક્કા ભરેલા થેલાનું પેમેન્ટ કરવામાં આવે છે.

### રણબીર કપૂર અત્યારે પોતાની ફિલ્મ એનિમલને લઈને સતત ચર્ચામાં

# અભિનેતા રણબીર કપૂર માતા નીતુ સાથે ફરી સ્ક્રીન શેર કરશે

## નીતૂ કપૂરે તાજેતરમાં જ પુત્ર રણબીર કપૂરની સાથે એક ફોટો પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી આ બાબતના સંકેત આપ્યા

| મુંબઈ,તા.૧૭ |

રણબીર કપૂર અત્યારે પોતાની ફિલ્મ એનિમલને લઈને સતત ચર્ચામાં છે. હવે રણબીર કપૂરના ચાહકો માટે વધુ એક ખુશખબરી છે. રણબીર કપૂર ટૂંક સમયમાં જ પોતાની માતા નીતૂ કપૂરની સાથે એકવાર ફરીથી સ્ક્રીન શેર કરતા નજર આવવાના છે. ૨૦૦૭માં રિલીઝ થયેલી ફિલ્મ સાંવરિયામાં પોતાના ડેબ્યૂથી નીતૂ કપૂર અને ઋષિ કપૂરના પુત્ર રણબીર કપૂરે પોતાની શાનદાર એક્ટિંગથી તમામનું દિલ જીતી લીધુ. ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ફેમસ માતા-પુત્રની જોડીને એક સાથે જોવા માટે તૈયાર થઈ જાવ.

નીતૂ કપૂરે તાજેતરમાં જ પુત્ર રણબીર કપૂરની સાથે એક ફોટો પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કર્યો છે. જેના કેપ્શનમાં લખ્યુ છે કે 'એક વાર ફરી મારા ફેવરેટ કોસ્ટારની સાથે વાપસી' આ ફોટોમાં તમે રણબીરને વ્હાઈટ ટી-શર્ટ અને નીતૂ કપૂરને મલ્ટીકલરની ડ્રેસમાં જોઈ શકો છો. આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયામાં લોકોની વચ્ચે ખૂબ હલચલ જોવા મળી રહી છે. એક્ટ્રેસે જે પોસ્ટ શેર કરી છે તેના કેપ્શનને વાંચ્યા બાદ ચાહકો વચ્ચે માતા-પુત્રની જોડીને એકવાર ફરીથી સ્ક્રીન પર જોવાનો ઉત્સાહ વધી ગયો.

નીતૂ કપૂરની પોસ્ટને જોયા બાદથી સોશિયલ મીડિયા પર ચાહકો ઘણા પ્રકારની વાતો કરી રહ્યા છે. કોઈકનું કહેવુ છે કે બંને એકવાર ફરીથી સાથે કોઈ ફિલ્મ કે વેબ સિરીઝમાં નજર આવશે. રણબીર કપૂરની ફિલ્મ બેશરમમાં કામ કર્યા બાદ નીતૂ કપૂરે ગયા વર્ષે રાજ મહેતાની ફિલ્મ જુગજુગ જીયોથી પડદા પર વાપસી કરી.



અમદાવાદના સિંધુ ભવન રોડ સ્થિત આવેલા મેરિમેન્ટ પાર્ટી પ્લોટમાં કર્મ ગ્રુપ દ્વારા આયોજિત હેરિટેજ ગરબામાં ત્રીજા નોરતે પણ મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડ્યા હતા.

# રાજ્યમાં વધુ એક વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત થયું

| અમદાવાદ, તા.૧૭ |

રાજ્યમાં નાની ઉંમરે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. આજે પાટણમાં વધુ એક આશાસ્પદ વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત થયાના સમાચાર સામે આવ્યા છે.

પાટણનાં ખોખરવાડા વિસ્તારમાં આવેલ રામની શેરીમાં રહેતા રાજુભાઈ પ્રજાપતિનું હાર્ટ એટેકથી મોત થયું છે. ૪૧ વર્શિય રાજુભાઈ પ્રજાપતિ નિત્ય કર્મ મુજબ વહેલા ઉઠી બાથરૂમમાં ન્હાવા જતા મોત થયું હતું. તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને બાદમાં મોત થયું હતું. તે અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલ હતા. અચાનક તેમના મોતથી પરિવાર સહિત સમાજમાં શોકની લાગણી ફરી વળી હતી. આજકાલ લોકો ૪૦ વર્ષની ઉંમરે અનેક ગંભીર બીમારીઓનો શિકાર બની રહ્યા છે. અગાઉ, મોટાભાગના લોકોને ૬૦ વર્ષની ઉંમરે હૃદય રોગનું જોખમ હતું. તે જ સમયે, મોટાભાગના લોકો ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકનો શિકાર બને છે. પાછલા કેટલાક વર્ષોમાં, ૪૦ વર્ષની વયના કલાકારોથી લઈને સામાન્ય લોકો સુધીના દરેક લોકો હાર્ટ એટેકનો શિકાર બન્યા છે.

# જૂનાગઢનાં ઉપરકોટ પર નમાઝ પઢવામાં આવતા લોકોમાં ભારે રોષ

| જૂનાગઢ, તા.૧૭ |

છેલ્લા કેટલાક સમયથી જાહેરમાં નમાઝ પઢીને ઉશ્કેરવાનો પ્રયાસ કરવામાં આવતો હોય તેવા કિસ્સા બની રહ્યાં છે. ત્યારે હવે જુનાગઢના પ્રખ્યાત ઉપરકોટ પર નમાઝ પઢવામાં આવી હતી. રવિવારે સાંજે કેટલાક લોકોએ કોટના બગીચામાં નમાઝ પઢી હતી. ત્યારે આ સમયના દ્રશ્યો પણ સામે આવ્યા છે. ગઈકાલ તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ ૮ લોકો અડી કડી વાવ પાસે આવેલી ખુલ્લી લોનમાં નમાજ પઢતા જોવા મળ્યા હતા.

આ અંગેની વાતો છાને ખૂણે ચર્ચાતી હતી. જેમાં હવે પોલીસ પણ મેદાનમાં આવે એવા એંધાણ મળી રહ્યા છે. આ વાત અત્યંત સંવેદનશીલ હોઈ તંત્ર પણ સાવચેતીપૂર્વક વર્તી રહ્યું છે. જોકે, નમાજ પઢતા દેખાયેલા ૮ લોકોની હજી સુધી ઓળખ થઈ શકી નથી. આ શખ્સોએ કોમી ઉશ્કેરણી ફેલાવવા માટે આમ કર્યુ છેકે, બીજા કારણોસર એની વીગત પણ આ શખ્સોની ઓળખ થયા બાદ મળી શકશે. ઉપરકોટના મેનેજર રાજેશ તોતલાનીએ નમાઝ પઢાયાની પુષ્ટિ કરી છે. મેનેજરે જણાવ્યું કે, સોમવારે રાત્રે અમે પોલીસને





જાણ કરી હતી. અમે હજી ફરિયાદ દાખલ નથી કરી. આમ, ઉપરકોટ જેવા જાહેર સ્થળ પર નમાઝ પઢવામાં આવતા વિવાદ થઈ રહ્યો છે. જૂનાગઢ ઉપરકોટમાં નામઝ પઢવા મામલે બજરંગદળનાં ગુજરાત પ્રદેશ સંયોજક ભાવેશભાઈ ઠક્કરે આ મામલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, બજરંગદળ નમાઝ વાળા સ્થળનું શુદ્ધિકરણ કરશે. તો ભવનાથના ગુરુ ગોરખનાથ આશ્રમના શેરનાથ બાપુએ કહ્યું કે, આ રીતે જાહેરમાં નમાઝ પેઢવી સમાજમાં અશાંતી ફેલાવવાનો પ્રયાસ છે. સનાતન ધર્મની પ્રગતિ નહિ જોઈ શક્તા આવા વિધર્મીઓ. સનાતન હિન્દુ ધર્મ પ્રગતિના પંથે હોવાથી છાશવારે વિધર્મીઓ દ્વારા એવા છમકલાં કરવામાં આવે છે. આ રીતે વારંવાર છમકલા કરીને સનાતનીઓને ઉશ્કેરવામાં આવી રહ્યા છે. સનાતન ધર્મ શાંતિ પ્રિય છે, પરંતુ આ રીતે ઉશ્કેરી અને શાંતિને ડહોળવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સનાતનીની સહનશક્તિ હવે ખૂટતી જઈ રહી છે. જવાબદાર અધિકારીઓ દ્વારા યોગ્ય પગલાં લેવા માંગ છે. ઉલ્લેખનીય છે કે, હજી ત્રણ સપ્તાહ પહેલા જ જૂનાગઢમાં આવેલો ઐતિહાસિક ઉપરકોટનો કિલ્લો રીનોવેશન બાદ મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ દ્વારા આજે વિધિવત રીતે ઉપરકોટ કિલ્લાનું લોકાર્પણ કરાયું હતું. સ્વતંત્રતાના ચળવળમાં આ કિલ્લાનું ઐતિહાસિક મહત્વ રહેલું છે. રિનોવેશન બાદ ઉપરકોટના કિલ્લાની સુંદરતા સોળે કળાએ ખીલી છે. આ કિલ્લામાં અદભૂત નકશીકામ જોવા મળે છે.

# નવરાત્રીના બીજા નોરતે મહાકાળીના દર્શને જઈ રહેલા શ્રદ્ધાળુઓ પર ગાડી ફરી વળી

| નવસારી, તા.૧૭ |

પાવાગઢ ખાતે પગપાળા સંઘમાં જતા શ્રદ્ધાળુઓને મોડી રાત્રે અકસ્માત નડ્યો હતો. રોઝમ આગળ અજાણ્યા વાહને પગપાળા સંઘમાં જતા ત્રણ ઈસમોને અડફેટે લીધા હતા. અકસ્માતમાં એક શ્રદ્ધાળુનુ ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતું. તો બે શ્રદ્ધાળુઓની હાલત ગંભીર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નવરાત્રિ દરમિયાન અનેક શ્રદ્ધાળુઓ માતાના ધામ સુધી પગપાળા જતા હોય છે. ત્યારે ગરબાડા તાલુકાના નળવાઈ ગામેથી પાવાગઢ રથ સાથે પગપાળા સંઘ જવા નીકળ્યો હતો. આવામાં આ સંઘમાં જતા શ્રદ્ધાળુઓને મોડી રાત્રે અકસ્માત નડ્યો હતો. રોઝમ આગળ અજાણ્યા વાહને પગપાળા સંઘમાં જતા ત્રણ ઈસમોને અડફેટે લીધા હતા. અકસ્માતમાં એક શ્રદ્ધાળુનુ ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતું. તો બે શ્રદ્ધાળુઓની હાલત ગંભીર છે. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. શ્રદ્ધાળુના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર માટે ઝાયડસ હોસ્પિટલ લઈ જવાયા હતા. પરંતુ આ અકસ્માતને પગલે માતમ છવાયો હતો. શક્તિપીઠ પાવાગઢમાં પણ નવરાત્રીના પહેલા દિવસથી ભક્તોનુ કિડીયારું ઉભરાયું છે. શક્તિપીઠ પાવાગઢ ડુંગર પર જોવા મળી યાત્રાળુઓની જોખમી ભીડ જોવા મળી છે. પાવાગઢ આવતા પદયાત્રીઓ રાત્રિના અંધારામાં સ્વ જોખમે ચાલતા જવા મજબૂર બન્યા છે. યાત્રાધામ અને મહાકાળીધામ પાવાગઢ ખાતે આસો નવરાત્રી દરમિયાન ૨૦ લાખથી વધારે શ્રદ્ધાળુઓમાં મહાકાળીના આશીર્વાદ લેવા માટે આવતા હોય છે.

# તરસાલી ગામમાં વૃદ્ધાની રહસ્યમય રીતે હત્યા કરી દેવાઇ

| વડોદરા, તા.૧૭ |

મૃતક વૃદ્ધા અમીન ખડકીમાં રહેતા હતા. તેમનું નામ સુલોચના અમીન હોવાનું સામે આવ્યું છે. વૃદ્ધાની હત્યા કયા સંજોગોમાં થઈ અને કોણે હત્યા કરી તેનું સાચુ કારણ હજી સામે આવ્યું નથી. જો કે મકરપુરા પોલીસને જાણ થતા સ્થળ પર પહોંચી હતી. સાથે જ FSLની ટીમે પણ તપાસ હાથ ધરી છે. હાલ તો, મૃતદેહને પોસ્ટમોર્ટમમાં ખસેડીને વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે. ગુજરાતમાં દિવસે દિવસે ક્રાઈમની ઘટનામાં વધારો થતો જઈ રહ્યો છે. વડોદરામાં પણ હવે ધીરે ધીરે જાણે ગુનાખોરીનું પ્રમાણ વધતુ જઈ રહ્યુ છે. તાજેતરમાં જ તેનું ઉદાહરણ સામે આવ્યુ છે. વડોદરાના તરસાલી ગામમાં એક વૃદ્ધાની હત્યા કરી દેવામાં આવી છે. જો કે હત્યાનું કારણ હજુ સુધી અકબંધ છે. મૃતક વૃદ્ધા અમીન ખડકીમાં રહેતા હતા. તેમનું નામ સુલોચના અમીન હોવાનું સામે આવ્યું છે. વૃદ્ધાની હત્યા કયા સંજોગોમાં થઈ અને કોણે હત્યા કરી તેનું સાચુ કારણ હજી સામે આવ્યું નથી. જો કે મકરપુરા પોલીસને જાણ થતા સ્થળ પર પહોંચી હતી. સાથે જ FSLની ટીમે પણ તપાસ હાથ ધરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨